Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

## THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક
Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Money !!!
● વર્ષ : ૮ ● અંક : ૩૯ ● તા. ૨૦.૦૯.૨૦૧૧ થી ૨૬.૦૯.૨૦૧૧ ● ભાદરવા વદ ૦૭ થી ભાદરવા વદ ૧૪ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# વૈશ્વિક અર્થતંત્ર અને ફાયનાન્શિયલ બજારો અનિશ્ચિતતાના ઐતિહાસિક અપ્રતિમ દોરમાં

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન ભારતીય બજારો આપણે સપ્ટેમ્બર માસની શરુઆતથી કહી રહ્યા છીએ તેમ બંને બાજુની ઈન્ટ્રા ડે અને સાપ્તાહિક વધઘટ

**રિઝર્વ બેંક દ્વારા અપેક્ષાકૃત રીતે વ્યાજ દરમાં ૦.૨૫ ટકાનો વધારો જો કે બજારો સપ્ટેમ્બર મહિના માટે અકળ ના અકળ**

સાથે અતિશય ચંચળ અને એક રીતે અકળ રહ્યા હતા. જેને પગલે વધે ઘટે ઊંચી ચંચળતા બાદ સામાન્ય સુધારો સાથે હકારાત્મક બંધ રહ્યા હતા. જો કે કહ્યું તેમ મોટાભાગે રેન્જ બાઉન્ડ રહ્યા હતા.

**શેરબજારની સમિક્ષા**



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮
www.DeepakAmin.Info

બજારોને દોરાવનારા મુખ્ય પરિબળોમાં નીચા ઔદ્યોગિક વકિાસ દરના આંકડાઓ, વૈશ્વિક પરિબળો અને છેલ્લે શુક્રવારે રિઝર્વ બેંક દ્વારા વ્યાજ દરમાં કરાયેલા વધારો રહ્યા હતા. જો કે વિશ્લેષકો મુજબ છેલ્લા બે ત્રણ સપ્તાહમાં ભારતીય બજારો વૈશ્વિક બજારો કરતા સારું પ્રદર્શન કર્યું છે જેમાં વ્યાજ દર ચક્રની સમાપ્તિ અને ફુગાવાના દર માં ઘટાડો થવાની અપેક્ષા કારણભૂત હતી.

ખેર, વિતેલા સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ ૦.૪૦ ટકા વધીને ૧૬૯૩૩.૮૩ જ્યારે નિફ્ટી ૦.૪૯ ટકા વધીને ૫૦૮૪.૨૫ બંધ રહ્યા હતા. જો કે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સો દ્વારા વધારે સારું પ્રદર્શન દ્વારા અનુક્રમે ૧.૨૫ ટકા અને ૦.૭૦ ટકા વધવા પામ્યા હતા. સેક્ટરલ ઈન્ડેક્ષોમાં આઈટી ઈન્ડેક્ષોમાં ડોલર સામે રૂપિયો બે વર્ષની નીચી સપાટી પર આવવાથી આઈટી ઈન્ડેક્ષ ૩.૦૬ ટકા વધ્યો હતો જ્યારે ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષ ૧.૫૧ ટકા, રિયાલ્ટી ૧.૪૪ ટકા,

**યુરોપ અને અમેરિકન બજારોની નકારાત્મક ઘટનાક્રમ ઝીલવાની ક્ષમતા પર ભાવી ચાલનો આધાર**

ટેક ૧.૩૦ ટકા, પીએસયુ ૧.૨૬ ટકા, ઓટો ૦.૯૦ ટકા, પાવર ૦.૫૦ ટકા,

(અનુસંધાન ૪ પાને)

**૧૭૪૭૩ / ૫૨૦૦ ઉપર બંધ ના આવે ત્યાં સુધી બજારનો મેજર ટ્રેન્ડ નેગેટિવ જ માનવો**

**જુલાઈ આઈ આઈ પી ડેટા નબળા આવતાં તેમ જ ફરીથી પેટ્રોલમાં ભાવ વધારો આવતાં ભારતીય શેર બજારમાં અસ્થિરતાનો માહોલ**

**તળિયાની સપાટી ૪૯૧૧**

**વૈશ્વિક પરિબળો, રાજકારણીઓ અને ભ્રષ્ટાચાર આ દેશની ખો કાઢવા બેઠા છે**

**પ્રકાશ કોન્સ્ટ્રોવેલ લી.: ખૂબ જ નબળો ઈસ્યુ, અરજી કરી શકાય નહીં**

**આર ડી બી રસાયણ લી.આ ઈસ્યુથી દુર રહેવું હિતાવહ જણાય છે**

# આવનારા દિવસોમાં ફાર્મા સેક્ટરમાં હલચલ જોવા મળે તેમ નિશ્ચિતપણે લાગી રહ્યું છે અને માર્કેટ રિઝલ્ટ સિઝન પહેલાં અહીંયા થાક ખાય તેમ લાગે છે

વાંચક મિત્રો,

ગત સપ્તાહ નીચા મથાળે ખુલી અને સમગ્ર સપ્તાહ દરમ્યાન માર્કેટમાં ખૂબજ મજબૂતીનું વાતાવરણ જોવા મળ્યું. સમગ્ર સપ્તાહ દરમ્યાન લગભગ માર્કેટ ઘટનાઓથી ભરપૂર રહ્યું. સૌથી પહેલાં ગત શુક્રવારે જે અમેરિકાના માર્કેટમાં મંદીનું વાતાવરણ હતું તેની પાછળ સોમવારે ખુલતું બજાર ગેપ ડાઉન જોવા મળ્યું અને સમગ્ર દિવસ દરમ્યાન માર્કેટમાં રેન્જમાં કારોબાર કરીને લગભગ ૪૯૦૦-૪૯૫૦ે વચ્ચે બેસ બનાવ્યો અને તેમાં પાછા આઈઆઈપી ડેટા આવ્યા. જે માર્કેટની ગણતરીથી વિપરીત હતા. તેણે પણ માર્કેટને નીચે રાખવામાં એક મહત્ત્વનો ભાગ ભજવ્યો. મંગળવારે ગેપ અપ ખુલ્યા બાદ માર્કેટનું સેન્ટીમેન્ટ ખરડાયું હતું. પણ માર્કેટ ૪૯૫૦ ની આસપાસ સપોર્ટ લેવામાં કામયાબ

**વેલ્થ ક્રિએટર**



અમીત શાહ
મો. ૯૯૨૪૩૪૩૪૯૨
amns68@rediffmail.com

નીવડ્યું હતું. ત્યારબાદ એડવાન્સ ટેક્ષના આંકડાએ પણ માર્કેટને તેજીમાં રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. મોંઘવારીના આંકડા અને ૦.૨૫ બેસીસ પોઈન્ટનો વધારો પણ માર્કેટનું સેન્ટીમેન્ટ ખરાબ કરવામાં નિષ્ફળ નીવડ્યો અને સમગ્ર સપ્તાહ દરમ્યાન માર્કેટમાં મજબૂતી નું અને શોર્ટ કવરિંગનું વાતાવરણ જોવા મળ્યું. સપ્તાહના અંતે માર્કેટ મજબૂતી સાથે બંધ રહ્યું. વિદેશની ઘટના જોઈએ તો હાલ પુરતું ગ્રીસની કટોકટી ટળી હોય તેમ લાગી રહ્યું છે.

હવે જો આઈઆઈપીનો ઘટાડો, ઊંચો ફુગાવો અને રિઝર્વ બેંકની ક્રેડીટ પોલીસીની અસરોની વાત કરીએ તો નિશ્ચિત પણે તેની પ્રોડક્શન પર અને ઉદ્યોગના ગ્રોથ પર પડશે તેમ લાગી રહ્યું છે અને આવનારા કદાચ એક કે બે ક્વાર્ટર દરમ્યાન માર્જીન પર દબાણ રહે અને નફાકારકતામાં અસરો પડે તો નવાઈ નહીં. ક્રેડીટ પોલીસીથી ઓટો લોન અને હાઉસિંગ લોન પર પણ તેની અસરો પડે તેમ લાગી રહ્યું છે. ઓટો મોબાઈલ સેક્ટર પહેલેથી જ દબાણમાં છે અને હજી આવનાર દિવસોમાં માંગમાં ઘટાડો આવે તો નવાઈ નહીં અને હાઉસિંગ લોનમાં જે માસિક હપ્તામાં રકમનો વધાટો અને હપ્તા વધવા જેવી પરિસ્થિતિમાં આવનારા દિવસોમાં લોકોની મુશ્કેલી વધે તેમ નિશ્ચિત પણે લાગી રહ્યું છે અને ઉપરથી જે પેટ્રોલમાં વધારો આવ્યો છે તે પણ ફુગાવાના દરમાં વધારો કરે તેમ લાગી રહ્યું છે, પરંતુ હાઉસિંગ અને ઓટો સેક્ટરમાં દરેક ઘટાડે રોકાણની તક ગુમાવી જોઈએ નહીં અને લાંબાગાળા માટે રોકાણ કરવું જોઈએ. નિફ્ટીના આવનારા દિવસોમાં જો લેવલની વાત કરીએ તો નજીકમાં ૫૦૫૦-૪૮૯૮૦-૪૯૫૦ ના ટેકા જોવાઈ રહ્યા છે. ત્યારે ઉપરમાં ૫૧૧૫-૫૧૬૫-૫૨૨૦ નજીકના રેજીસ્ટન્સ જોવાઈ રહ્યા છે.

આવનારા દિવસોમાં ફાર્મા સેક્ટરમાં ચહલ પહલ જોવા મળે તેમ નિશ્ચિતપણે લાગી રહ્યું છે. તથા જે શેરોમાં શોર્ટ સેલિંગ છે તેમાં સ્કવેર અપ આવે તેમ લાગી રહ્યું છે. આવનારા દિવસોમાં નીચેના શેરોમાં તમે નિશ્ચિત પણે ધ્યાન આપી શકો છે.

**(૧) એસબીઆઈ (૨) મેરિકો (૩) રેનબક્ષી (૪) લાર્સન (૫) ભેલ (૬) એચડીએફસી**

**(૧) મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તમે ૮૧૫ના સ્ટોપલોસથી ટૂંકાગાળા મોટ વેચાણ કરી શકો છો.**

# ચંચળ બજારમાં વેપારીઓ ફસાય છે

**નિફ્ટી ૫૦૮૬**

નિફ્ટી સપ્તાહદરમ્યાન ખૂબ જ ચંચળતાપૂર્ણ ઢબે ગતિ કરતી રહી, એક દિવસના ૧૦૦ પોઈન્ટની આવી ગતિએ વ્યાપારીઓને ખાસ્સું નુકશાન કરાવ્યું, ખાસ કરીને જે લોકોએ પોઝીશન લીધી હતી તેમને. આપણાં બજારો પાસે પોતાની મજબૂતાઈ માટે કોઈ ખાસ કારણો ન હતાં, આમ છતાં મોટા પાયા ઉપરની રિકવરી સામાન્યરીતે વિદેશી પ્રવાહોને કારણે શકય બની. અગાઉના એડવાન્સ ટેક્ષના આંકડા ૫ ટકા વિકાસ દર્શાવી રહેલ છે

**ટુ ધી પોઈન્ટ**



દિનેશ સી. નાગપાલ
૯૮૩૦૦૩૯૦૮૫
bluechips4u@gmail.com

અને આર બી આઈ એ પણ બોજો લાદવાનું ચાલુ જ રાખેલ છે અને વૈશ્વિક સ્તરે તેમ જ ફૂગાવામાં પણ નકારાત્મક દેખાવ જણાઈ રહેલ છે.

આ સપ્તાહે નિફ્ટીએ ૪૯૧૦ની સપાટીએથી આવેલ રેલીને જાળવી રાખવા માટે ૫૦૫૦ ઉપર ટકી રહેવું જોઈએ,આ સપ્તાહે બજારમાં ચંચળતા ચાલુ જ રહેશે કારણ કે બીજા ત્રિમાસીક ગાળાનાં પરિણામો પહેલાં સંસ્થાઓ એડવાન્સ ટેક્ષના આંકડાના આધારે તેમના પોર્ટફોલિયોમાં ફેરફાર કરશે.

**આ સપ્તાહની ટેકાની સપાટી**
**૪૯૫૦ / ૪૮૧૫ / ૪૭૨૦**
**આ સપ્તાહની પ્રતિકારક સપાટી**
**૫૧૮૦ / ૫૨૭૫ / ૫૪૧૫**
**આ સપ્તાહે ટ્રેડ કરવા જેવા શેર**
**સીન્ટેક્ષ (રૂ.૧૪૬) ખરીદો**

ભારત ખાતે પ્લાસ્ટિક પ્રોસેસીંગના ધંધામાં સિન્ટેક્ષ એ માર્કેટ લીડર છે, તે ઉચ્ચ ગુણવત્તાવાળું ટેક્ષટાઈલ્સ અને મોનોલોથીક બાંધકામ દ્વારા ઓછા ભાવનાં મકાનો બાંધવામાં પણ અગ્રણી છે. તેના અગાઉથી તૈયાર કરેલ મકાનોના ધંધામાં મધ્યમથી ટૂંકા ગાળામાં ઉપયોગમાં લેવા માટે સસ્તાં મકાન જેવાં આવરણ બનાવે છે. આ ઉપરાંત સિન્ટેક્ષ પરંપરાગત ઈલેકટ્રીકલ અને ઓટો પાર્ટસને બદલવા માટે કોમ્પોઝીટ મોલ્ડીંગ પણ બનાવે છે. તે સસ્તાં મકાનોનો ઉકેલ સુચવે છે અને જયાં તે કાર્યરત છે તે સરકારશ્રીના મંજૂર કરેલ પ્રોજેકટમાંથી છલ્લા ૩ વર્ષમાં આ કંપનીએ ૨.૭ બીલીયન ડોલરનો ઓર્ડરમાંથી સારો ફાયદો પણ મેળવેલ છે. ૨૦૦૭થી તેણે વિદેશની અને સ્થાનિક હસ્તગત કરેલ કંપનીઓને કારણે તેને તેની સાયનર્જીક કોસ્ટ અને ટોપલાઈન અને બોટમ લાઈનમાં વૃધ્ધિ માટે મદદ કરેલ છે.

આ કંપનીએ છેલ્લા ૫ ત્રિમાસિક ગાળાથી અપેક્ષા કરતાં પણ વધારે વિકાસ

(અનુસંધાન ૪ પાને)

# વૈશ્વિક પ્રવાહો પર દબાણ લાવવામાં યુ. એસ. અને યુરો ઝોનની ચિંતા મુખ્ય પાસું

**તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૧**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :** ખૂબ જ નબળા આઈ આઈ પી આંકડા અને વધતો જતો ફૂગાવાએ બજારની ઉર્ધ્વગતિને રૂંધી નાખી. અપેક્ષા મુજબ આર બી આઈ એ વ્યાજદરમાં ૦.૨૫

**બાય એન્ડ સેલ**

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

બીપીએસની વૃધ્ધિ કરી કે જેણે બજાર ઉપર ખાસ અસરો નિપજાવી નથી.

આવનાર સપ્તાહમાં આપણું બજાર વૈશ્વિક બજારોની પ્રેરણા મુજબ નૃત્ય કરશે, યુરોપીયન યુનિયન ફાઈનાન્સ મીનીસ્ટરની મીટીંગનો નિષ્કર્ષ વૈશ્વિક બજારોની રૂખ નક્કી કરશે. આ ઉપરાંત યુ. એસ. ફેડની મીટીંગ પણ કેન્દ્રમાં છે.

**વૈશ્વિક પ્રવાહો ટ્રેન્ડલાઈન બનાવશે**

આ બંને પ્રસંગો ખરેખર આર્થિક સ્થિતિ અંગે ઈશારો કરશે. ગ્રીસ, ઈટાલી અને સ્પેનની નાણાકીય કટોકટી જોખમરૂપ છે. તેઓ તેને હલ કરી શકે તેમ છે કે નહીં તે તેમની મીટીંગના નિષ્કર્ષ પરથી જાણી શકાશે.

ઘરેલું આંચકા - નબળા આઈ આઈ પી આંકડા અને વધતો ફૂગાવો નકારાત્મક પરિબળ છે. બીજા ત્રિમાસિક ગાળાના એડવાન્સ ટેકસના આંકડા પણ વધારે પ્રભાવિત કરે તેમ નથી. એફ આઈ આઈની ભાગીદારી પણ ખૂબ સારી નથી. ઉંચા ફૂગાવાના દર તેમ જ વ્યાજદર વૃધ્ધિને કારણે આપણે બજારમાં ઘટાડો જોઈ શકીશું. ખાસ કરીને ઓટો અને રિઆલીટી સેકટરમાં.

**ટેકનીકલી** જો નિફ્ટી સ્પોટ ૫૧૧૩-૫૧૮૪ થી ઉપરની સપાટી જાળવી રાખવામાં નિષ્ફળ નિવડે તો આપણે પુલબેક રેલી જોઈ શકીશું, નહીં તો ૪૯૪૧-૪૯૧૧ નીચે બંધ આપે તો સાઈડવે ગતિ ચાલુ રહેશે.

**સેન્સેક્ષ ૧૬૯૩૩**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૧)**

આ સપ્તાહે ૧૭૦૨૮ અને ૧૬૭૬૮ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૭૦૨૮ ઉપર ટકી રહે અથવા તો ૧૬૭૬૮ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૧૬૭૬૮, ૧૬૪૬૧, ૧૬૨૭૩ અને ૧૬૦૧૨

(અનુસંધાન ૨ પાને)

# ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૦૮૪)**
**સેન્સેક્ષ (૧૬૯૩૪)**
**તા. ૧૬.૯.૨૦૧૧**

અમોએ જણાવેલ કે 'ટેકનીકલી બજાર હજુ નબળું છે અને જો તે ઉપર તરફ જશે તો ફરી એક વાર તે ૫૨૦૦-૫૨૫૦ વચ્ચે કઠીન પ્રતિકારક સપાટી અનુભવશે. દૈનિક ધોરણે બજારમાં વેચવાલી જોવા મળી હતી અને હવે અને હવે આવનાર દિવસોમાં બજાર ૪૮૦૦ નજીક બંધ આવી શકે.

બજાર અપેક્ષા મુજબ જ તૂટ્યું અને નીચે તરફ ગેપ છોડી અને ૪૯૦૦ નીચેની સપાટીએ ટ્રેડ થયું અને છેલલા ત્રણ સેશનમાં ધીરે ધીરે રિકવર થયું અને સપ્તાહના અંતે હકારાત્મકરીતે બંધ આવ્યું.

ટેકનીકલ રીતે બજાર ટીપીકલી રિએક્ટીવ સાઈડવે મોડમાં છે અને ટૂંકા સમય ગાળામાં બજાર તેનો તાર્કિક લક્ષાંક ૫૨૬૫ હાંસલ કરવા માટે સક્ષમ બની જશે. પરંતુ જો આ સમય દરમ્યાન બજાર ઘટાડો દર્શાવે તો પછી તે નીચે તરફ ૪૮૮૫ ની સપાટી દર્શાવી શકે.

ટ્રેડીંગના વ્યૂહની દ્રષ્ટિએ હું

**બજારનો રિવ્યૂ**



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

૫૦૦૦ ની સપાટી ઉપર નજર રાખું અને ખરીદી કરું.



# ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

**શેર સમ્રાટ**
**મો. ૯૭૨૫૦૫૦૫૦૭**

વાંચક મિત્રો,

ગયા સપ્તાહમાં માર્કેટમાં વોલેટાલીટી જોવા મળી હતી. નિફ્ટી અને સેન્સેક્સ રેન્જબાઉન્ડ રહ્યા હતા. ગયું આખું સપ્તાહ સમાચારોથી ભરપૂર રહ્યું હતું. આઈઆઈપી ડેટા, આરબીઆઈની પોલીસી, વૈશ્વિક સંકેતો વગેરે સમાચારોને પગલે માર્કેટ વોલેટાઈલ તથા રેન્જ બાઉન્ડ રહ્યું હતું. આવનાર સપ્તાહમાં પણ ૨૦મી એ અમેરિકી ફેડરલ રિઝર્વની મિટીંગ મળવાની હોવાથી વૈશ્વિક તથા ખાસ કરીને અમેરિકન માર્કેટ ઉપર ધ્યાન રાખવું પડશે. આરબીઆઈ દ્વારા ૦.૨૫ ટકા રેપો રેટ વધાર્યો હોવાથી આવનાર સપ્તાહમાં બેંક, રિયલ્ટી અને ફાઈનાન્સ સેક્ટર ઉપર દબાણ જોવા મળી શકે છે. તથા ઓઈલ માર્કેટિંગ કંપનીઓના શેરોમાં હલચલ જોવા મળી શકે છે.

**(૧) કાઈનેટિક એન્જિ. (બીએસઈ કોડ ૫૦૦૨૪૦) (૧૧૯.૭૦)**
ખરીદો ૧૧૦ ના સ્ટોપલોસે ટાર્ગેટ ૧૨૮-૧૪૦

**(૨) એગ્રોટેક ફૂડ્સ (૪૧૧.૭૫)**
ખરીદો ૪૦૦ ના સ્ટોપલોસે ટાર્ગેટ ૪૨૭-૪૪૦

**(૩) કિરી ઈન્ડ. (૧૪૫)**
ખરીદો ૧૩૮ ના સપોર્ટ સાથે ટાર્ગેટ ૧૫૦-૧૬૫

**(૪) આલ્ફા લાવાલ ઈન્ડિયા (૧૯૬૪)**
ખરીદો ૧૯૩૦ ના સપોર્ટ સાથે ટાર્ગેટ ૧૯૮૦-૨૦૨૫

**(૫) એટલાસ સાઈકલ (૩૭૫)**
ખરીદો ૩૬૫ ના સપોર્ટ સાથે ટાર્ગેટ ૩૮૦-૪૦૦

# નિફ્ટીમાં ૪૭૫૨ નો ટેકો અને ૫૧૬૯નો રેસીસ્ટન્સ ધ્યાનમાં રાખો

**શરદ કોટક**

# એફઆઈઆઈ લેવાલ બનવાની સંભાવના

**ગ્રહ ચર્ચા**

કન્યા રાશીમાં શનિ, શુક્ર અને સૂર્યની યુતિ છે. તા. ૨૨ રાત્રે ૮.૫૭ થી બુધ પણ કન્યા રાશીમાં આવતા ચાર ગ્રહો એક રાશીમાં બેસશે. યાદ રહે કે સૂર્ય અને શનિ બંને ક્રૂર ગ્રહો એક સાથે છે. તા. ૧૬મીથી બુધનો પૂર્વમાં અસ્ત થયેલો છે. તા. ૧૬મીએ રાત્રે પ્લુટો માર્ગી બન્યો છે. તા. ૧૯મીએ રોહિણી નક્ષત્ર અને વૃષભ નવમાંશમાં બજાર ખુલીને ૧૦.૫૪ થી મિથુન નવમાંશ શરુ થશે. તા. ૨૦ મૃગસિરા નક્ષત્ર અને કન્યા નવમાંશમાં બજાર ખુલીને બપોરે ૧૨.૫૬ થી તુલા નવમાંશ શરુ થશે. તા. ૨૧ આદ્રા નક્ષત્ર, મકર નવમાંશમાં બજાર ખુલશે અને ૨.૧૭ થી કુંભ નવમાંશ શરુ થશે. તા. ૨૨ પૂનર્વસુ નક્ષત્ર, વૃષભ નવમાંશમાં બજાર ખુલશે અને ૨.૪૯થી મિથુન નવમાંશ શરુ થશે. તા. ૨૩ પુષ્ય નક્ષત્ર, કન્યા નવમાંશમાં બજાર ખુલશે. ૨.૨૯થી તુલા નવમાંશ શરુ થશે.

**ટૂંકાગાળાની તેજી :**

આ સપ્તાહે શેર બજારના સેન્સેક્સ અને નિફ્ટી ઊંચકાવાની શક્યતા ગ્રહો દર્શાવે છે. તા. ૨૦ મંગળવાર અને ૨૩ બુધવાર મધ્યમથી સારી તેજી રહેવાના ગ્રહયોગો છે. કદાચ આ સપ્તાહે એફઆઈઆઈ એકંદરે લેવાલ રહે.

જો આ સપ્તાહ તેજી શેર બજારમાં રહે તો આવતા સપ્તાહે તા. ૨૬થી ૩૦ દરમ્યાન એકાદ બે દિવસ મંદીના બનીને

**એસ્ટ્રો ગાઈડ**



કીર્તિકુમાર
બી.શાહ
મો. ૯૪૨૮૧૯૨૬૫૯

બાકીના દિવસોમાં તેજીની સંભાવના.

તા. ૯ સપ્ટેમ્બરથી કર્ક રાશીમાં આવેલો મંગળ નીચનો બનતો હોવાથી દિવાળી સુધી રિયાલ્ટી ક્ષેત્રે અવારનવાર મંદીના આંચકા અનુભવાય તેવી શક્યતા.

**ટ્રેડીંગ સંભાવના :**

રિયાલન્સ ઈન્ડ., કેશોરામ ઈન્ડ., પ્રાજ ઈન્ડ., આઈટીસી, એનટીપીસી, એનએમડીસી, યુનિટેક, ડી.બી. રિયલ્ટી, બીપીસીએલ, એચપીસીએલ, ઓઈલ ઈન્ડિયા, ટાટા મોટર્સ, મારુતિ સુઝુકી, જિન્દાલ સ્ટીલ, શ્રી સિમેન્ટ, એજ્યુકોમ્પ, બીએફ યુટિલીટી, યુનાઈટેડ ફોસ્ફરસ, ટાટા ગ્લોબલ, ડીએલએફ, હિન્દાલ્કો,. એલ એન્ડ ટી, ટીસીએસ, ઈન્ડસઈન્ડ બેંક

**ફ્યુચર ટ્રેડીંગ :**

કોલ ઈન્ડિયા, રિલાયન્સ કેપિટલ, મારુતિ, ઓએનજીસી, સ્ટેટ બેંક, અબાન ઓફશોર, એક્સિસ બેંક, કેનેરા બેંક, એમઆરએફ

**હાઈ રિસ્ક - હાઈ પ્રોફીટ :**

એચડીએફસી, સેઈલ, ભારત ફોર્જ, સન ફાર્મા, શ્રી રેણુકા સુગર, હિંદ ઝીંક, ગોદરેજ કન્ઝ્યુ., ટાઈટન, ડાબર ઈન્ડિયા, ફોર્ટિસ હેલ્થકેર, એમ એન્ડ એમ, શ્રીરામ ટ્રાન્સપોર્ટ

**ડાર્ક હોર્સ :**

એસ કે એસ માઈક્રો, એચસીએલ ટેકનો., મધરસન સુમિ, ટાટા કોમ્યુ., સેન્ચુરી ટેક્ષટાઈલ, હિન્દ કોપર, ફેડરલબેંક, બજાજ ફીન સર્વ, પૂંજ લોઈડ, એસ્સાર ઓઈલ, ટોરેન્ટ પાવર, ટાટા પાવર

**શોર્ટ ટર્મ :**

હિટાચી હોમ, ક્રોમેટિક ઈન્ડિયા, પુંજ લોઈડ, અરવિંદ મિલ, ભોરુકા એલ્યુમિનિયમ, ડેક્કન ક્રોનિકલ, સેઈલ એડોર વેલ્ડિંગ, સીકાલલોજી સ્ટીક્સ

# "આર ગ્રૂપ" થકી માર્કેટમાં તેજીનો દોર જોવા મળે

## સ્મોલકેપ, મિડકેપમાં પણ વોલ્યુમ જોવા મળે

વાંચક મિત્રો,

ગત સપ્તાહમાં માર્કેટમાં એકંદરે તેજી જોવા મળી હતી. આવનાર સપ્તાહમાં પણ માર્કેટમાં તેજીનો દોર ચાલુ રહેશે. ખાસ કરીને નિફ્ટી બેઈઝ સ્ક્રીપ્ટોમાં ભારે લેવાલી જોવા મળશે. આ તેજીમાં રિલાયન્સ ગ્રુપમાં મોટી તેજી જોવા મળશે. સારું ચોમાસુ, ડોલર સામે રુપિયામાં તેજી, તેમજ ઈન્ટરનેશનલ મેટર માર્કેટમાં મંદી તેમજ યુરોપ, યુએસ માર્કેટની તેજી ભારતિય માર્કેટને તેજીને વેગ પુરો પાડશે. દરકે સેકટર તેમજ સ્મોલકેપ, મિડકેપ લાર્જકેપ વિગેરેમાં વોલ્યુમથી વધારો જોવા મળશે અને તેજી પણ જોવા મળશે.

મિત્રો આવી તેજીની શરુઆતમાં સ્મોલકેપ, મિડકેપ, શેરોમાં ટકાવારીમાં ફાસ્ટ વધારો જોવા મળે છે. પરંતુ મંદિના લીધે આ સ્ટોકમાં મૂડીનું ધોવાણ થાય છે. તેજી આવા શેરોમાં બે એકાદ કરતા આવે યોગ્ય સ્ટોપલોસ રાખવો. તેમજ મળતો નફો ઘર ભેગો કરવો. કારણ કે તેજી-મંદી-તેજીનું ચક્ર ચાલ્યા જ રાખવાનું છે. માણસ ઘરડો થાય છે સટ્ટો નહીં. તેથી યોગ્ય સમયે નક્કી અચુક બુક કરવો. અને ઓવર ટ્રેડીંગ કરવું નહીં.

**(૧) ટાટા પાવર (૯૮૪.૪૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૯૭૬** અને દૂરના **૯૬૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૯૯૨** આ ઉપર **૧૦૦૪** આ ઉપર **૧૦૧૧** થી **૧૦૨૫** નો ભાવ જોવા મળે.

**(૨) મારુતિ (૧૧૦૬.૮૫) :-** આ

**બેસ્ટ ટીપ્સ**



રૂપેશ શાહ
મો.
૯૪૨૮૭૩૨૫૭૨
rup947@yahoo.co.in

સ્ક્રીપમાં નજીકના **૧૧૦૧** અને દૂરના **૧૦૯૩** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૧૧૩** આ ઉપર **૧૧૨૧** આ ઉપર **૧૧૩૪** થી **૧૧૪૨** નો ભાવ જોવા મળે.

**(૩) ભેલ (૧૬૮૬.૪૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૬૮૧** અને દૂરના **૧૬૭૩** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૬૯૩** આ ઉપર **૧૭૦૧** આ ઉપર **૧૭૧૪** થી **૧૭૨૬** નો ભાવ જોવા મળે.

**(૪) ઈન્ફોસીસ (૨૩૯૩.૪૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૩૮૭** અને દૂરના **૨૩૭૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૪૦૨** આ ઉપર **૨૪૧૧** આ ઉપર **૨૪૨૪** થી **૨૪૨૫** નો ભાવ જોવા મળે.

**(૫) પીએનબી (૯૮૨.૧૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૯૭૫** અને દૂરના **૯૬૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૯૮૯** આ ઉપર **૯૯૭** આ ઉપર **૧૦૦૮** થી **૧૦૨૨** નો ભાવ જોવા મળે.

**(૬) બજાજ ઓટો (૧૬૨૫.૫૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૬૧૭** અને દૂરના **૧૬૧૧** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૬૩૩** આ ઉપર **૧૬૪૨** આ ઉપર **૧૬૫૮** થી **૧૬૭૨** નો ભાવ જોવા મળે.

**(૭) સીએમસી (૮૫૭.૧૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૮૫૧** અને દૂરના **૮૪૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૮૬૪** આ ઉપર **૮૭૧** આ ઉપર **૮૭૯** થી **૮૯૨** નો ભાવ જોવા મળે.

**(૮) રિલાયન્સ (૪૬૩.૮૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૪૫૯** અને દૂરના **૪૫૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૪૬૯** આ ઉપર **૪૭૭** આ ઉપર **૪૯૨** થી **૫૦૭** નો ભાવ જોવા મળે.

# પસંદગીની પેન્ની, સ્મોલકેપ અને મિડકેપ સ્ક્રીપ્ટોમાં ઉછાળો નોંધાશે

ગયા સપ્તાહની ભલામણોમાંથી જેવીએલ એગ્રો. ૧૪.૫૦૨ વાળો ૧૬.૭૦, ઝી લર્ન ૧૮.૫૫ વાળો ૧૯.૮૦, અજીગોલ્ડ ૮૩.૬૦ વાળો ૯૫, એસ્સાર ઓઈલ ૯૪.૧૦ વાળો ૯૬.૯૦, વેનબરી ૨૬.૦૫ વાળો ૨૯.૯૦ જોવાયેલ...

**(૧) હોટલ લીલા (૫૦૦૧૯૩) (૩૭.૩૦) :-** નજીકમાં જ ૪૧ થી ૪૫.

**(૨) ઈન્ડિયા લીઝ (૫૦૦૨૦૨) (૯.૭૫) :-** નજીકમાં જ ૧૨ થી ૧૪.

**(૩) એસપીએસએલ (૫૩૩૧૧૦) (૬.૭૭) :-** નજીકમાં જ ૮ થી ૧૦.

**(૪) અજીગોલ્ડ (૫૧૨૨૮૯) (૮૧.૬૦) :-** નજીકમાં જ ૯૦ થી ૧૦૦.

**(૫) કચ્છ મિનરલ (૫૩૧૭૭૮) (૭.૨૨) :-** નજીકમાં જ ૮ થી ૧૦.

**(૬) સ્ટર્ડી ઈન્ડ. (૫૩૦૬૧૧) (૪.૭૦) :-** નજીકમાં જ તોફાની ઉછાળાથી ૭ થી ૯. **(૭) સુપર સ્પિનિંગ (૫૨૧૧૮૦) (૭.૯૫) :-** નજીકમાં જ જોરદાર ઉછાળાથી ૧૦ થી ૧૪. **(૮) એલઆઈટીએલ (૫૩૨૭૭૮) (૧૭.૯૫) :-** નજીકમાં જ ૨૦ થી ૨૩. **(૯) આઈએફસીઆઈ (૫૦૦૧૦૬) (૩૪.૯૦) :-** નજીકમાં જ ૩૭ થી ૩૯. **(૧૦) જીએમઆર ઈન્ફ્રા. (૫૩૨૭૫૪) (૨૮.૬૫) :-** નજીકમાં જ ૩૦ થી ૩૨. **(૧૧) હિંદ ડોર (૫૦૯૬૨૭) (૪૨.૦૫) :-** નજીકમાં જ ૫૦ થી ૫૭. **(૧૨) ઉષર એગ્રો. (૫૩૨૭૬૫) (૧૩૦.૩૦) :-** નજીકમાં જ ૧૪૦ થી ૧૫૪.

**(૧૩) અરવિંદ રેમેડીઝ (૫૩૧૮૨૩) (૨.૨૨) :-** નજીકમાં જ તેજી દર્શાવી ૩ થી ૫.

**(૧૪) એસઈએલ એમસીએલ (૫૩૨૮૮૬) (૧૩.૪૯) :-** નજીકમાં જ

**હોટ કેક**



પારસ ઘેલાણી
મો.
૦૯૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com
http://letusgrowtogether111.blogspot.com

૧૭ થી ૨૧.

**(૧૫) ઓટોમોટિવ (૫૨૦૧૧૯) (૫૪.૨૦) :-** નજીકમાં જ ૫૯ થી ૬૫.

**(૧૬) આરઈઆઈ એગ્રો. (૫૩૨૧૦૬) (૨૫.૮૦) :-** નજીકમાં જ ૨૮ થી ૩૨. **(૧૭) વિન્સુમ યાર્ન (૫૧૪૩૪૮) (૨૭.૮૫) :-** નજીકમાં જ ૩૦ થી ૩૪. **(૧૮) ગોદરેજ કન્ઝ્યુમર (૫૩૨૪૨૪) (૪૨૫.૮૫) :-** નજીકમાં જ ૪૪૬ થી ૪૬૪. **(૧૯) શ્રી અષ્ટવિનાયક (૫૩૨૭૯૩) (૫.૯૨) :-** નજીકમાં જ ૭ થી ૯. **(૨૦) કસ્તુરી (૫૩૧૬૮૭) (૯.૧૩) :-** નજીકમાં જ ૧૨ થી ૧૪. ઝડપી ઉછાળાથી.

**(૨૧) એમઆરપીએલ (૫૦૦૧૦૯) (૬૬.૩૫) :-** નજીકમાં જ ૭૨ થી ૭૭.

**(૨૨) જેપી પાવર (૫૩૨૬૨૭) (૩૩.૨૦) :-** નજીકમાં જ ૩૭ થી ૪૧.

**(૨૩) હિંદ કોપર (૫૨૩૫૯૯) (૨૩૫.૬૦) :-** નજીકમાં જ ૨૬૨ થી ૨૮૪.

**(૨૪) કેએફએ (૫૩૨૭૪૭) (૨૫.૮૦) :-** નજીકમાં જ ૨૭ થી ૩૦.

**(૨૫) એફએસએલ (૫૩૨૮૦૯) (૧૨.૮૨) :-** નજીકમાં જ ૧૪ થી ૧૭.

**(૨૬) કર્નેક્સ (૫૩૨૬૮૬) (૯૭.૫૫) :-** નજીકમાં જ ૧૦૮ થી ૧૧૮. **(૨૭) અદાણી પાવર (૫૩૩૦૯૬) (૮૬) :-** નજીકમાં જ ૯૦ થી ૯૫.

**(૨૮) સ્ટરલાઈટ (૫૦૦૯૦૦) (૧૩૪.૫૫) :-** નજીકમાં જ ૧૩૮ થી ૧૪૩. **(૨૯) એનએચપીસી (૫૩૩૦૯૮) (૨૪.૧૦) :-** નજીકમાં જ ૨૬ થી ૨૮.

**(૩૦) ગ્રેટ ઓફસોર (૫૩૨૭૮૬) (૧૪૧.૫૫) :-** નજીકમાં જ ૧૫૩ થી ૧૭૨.

**(૩૧) બાલાસોર (૫૧૩૧૪૨) (૧૮.૫૫) :-** નજીકમાં જ ૨૧ થી ૨૫.

**(૩૨) શ્રી બજરંગ એલોયઝ (૫૨૬૯૮૧) (૧૯.૪૦) :-** નજીકમાં જ ૨૧ થી ૨૫.

# આંતરરાષ્ટ્રીય સોનામાં ઘટાડા તરફી રૂખમાં સ્થાનિક બજારમાં ડોલર-રૂપિયાની પેર પર ધ્યાન આપવું જરૂરી બની રહેશે

ગયા સપ્તાહમાં આંતરરાષ્ટ્રીય સોનામા ઉપરના લેવલથી ઘટાડો જોવા મળ્યો. ભાવ ૧૮૦૦૦ ડોલરની નીચે પહોંચી ગયા હતા જ્યાં સપ્તાહના અંતે નીચેથી સંસ્થાકીય વધારો જોવા મળ્યો. પણ સ્થાનિક બજારમાં રૂપિયો ડોલરની સામે નબળો પડતા ભાવમાં ઘટાડાની અસર મોટી તીહ નહીં અને ભાવ ૨૭૨૦૦ આસપાસ જોવા મળ્યો. જે અંતે વધીને ૨૭૭૦૦ ની આસપાસ રહ્યા. જો કે હવે એક બાજુ ડોલરની મજબૂતીથી સ્થાનિક બજારમાં ભાવ પ્રમાણમાં ઊંચા જોવા મળી રહ્યા છે તો આંતરરાષ્ટ્રીય બજારમાં ઘટાડા તરફી રુખ જોવા મળી રહી છે. આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય બજારની સાથે સાથે ડોલર-રૂપિયાની પેર પર પણ ધ્યાન આપવું જરુરી બની રહેશે. જ્યા કરન્સીમાં હવે મોટી મુવમેન્ટ જોવા મળી રહી છે.

**ક્રૂડનો ક્યાસ :** આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં હાલના લેવલથી સામાન્ય ઘટાડામાં ૮૫.૫૫ ડોલરથી ૮૪.૯૦ ડોલર સુધી જોવા મળી શકે. જ્યાં નીચેમાં ૮૩.૧૮ ડોલરનો સપોર્ટ છે, નીચેથી ફરી વધારો જોવા મળે અને ભાવ વધીને ટૂંકાગાળા માટે ૯૦ ડોલર પર પહોંચતા જોવા મળે. હાલમાં વેચાણમાં રહેવાય અને નીચેથી ફરી લેવાલી તરફી ધ્યાન બેસે. અને ટ્રેડીંગમાં રેન્જનો વેપાર થાય. એમસીએક્સ ક્રૂડમાં ૪૧૨૦ થી ૪૦૪૦

**હોટ કોમોડીટીઝ**



પ્રતિક સોની
મો.
૯૫૧૦૮૫૦૨૮૮

તરફી ધ્યાનમાં નીચેથી ૩૯૮૦ ના સપોર્ટથી લેવાલીમાં ફરી ઉપરના લેવલ જોવા મળે. જે ૪૧૫૫ સુધી અને ઉપરમાં વધુ ૪૨૧૨ સુધીની રેન્જમાં ફરતું જોવ મળે.

**સોનાની સ્ટ્રેટેજી :** આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૮૫૮ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. જ્યાં સુધી તેની ઉપર સાપ્તાહિક બંધ ના આપે ત્યાં સુધી નવી તેજીમાં ધ્યાન નથી અને ઉપરમાં વેચીને વેપાર કરવો. ઘટાડામાં નજીકમાં ૧૭૨૨ ડોલર તરફી રુખ જોવા મળે. જ્યાં નીચેમાં ૧૭૦૦ ડોલર પર ધ્યાન આપવું જ્યાંથી નીચે જતા મોટા ઘટાડામાં ૧૬૦૮ ડોલર સુધીના ભાવ શક્ય છે અને જો ઘટાડો આગળ વધે તો ભાવ ૧૫૫૦ ડોલર સુધી આગામી સમયમાં ટેસ્ટ કરતા જોવા મળી શકે. માટે સાવચેતી રાખવી જરુરી છે. એમસીએક્સ સોનામાં ભાવમાં ૨૮૬૬૦ પ્રતિકારક સપાટી છે. નીચેમાં ૨૭૨૦૦ થી ઘટતા ૨૬૧૩૦ સુધીનું લેવલ જોવ મળી શકે. જ્યાં એક સપોર્ટ છે જો તોડે તો ઘટાડો આગળ વધે, હાલમાં ઉપરથી વેપારમાં રહેવાય.

**ચાંદીની ચાલ :** આંતરરાષ્ટ્રીય ચાંદીમાં ૪૧.૪૫ ડોલરનું રેસીસ્ટન્સ લેવલ છે. જ્યાં હાલના લેવલથી અન્ય વધતા ૪૧ ડોલર ઉપર જોવા મળે જ્યાંથી વેચાણ તરફી ધ્યાન બેસે જે નીચેમાં ૩૯.૩૫ ડોલર નજીકમાં ધ્યાન અપાય. તેની નીચે જતા ૩૭.૮૮ ડોલર સુધીના ભાવ જોવા મળી શકે. એમસીએક્સ ચાંદીમાં હાલના લેવલથી ઉપરમાં ૬૫૨૦૦ થી ૬૫૮૦૦કર સુધી શક્ય છે. જ્યાં ઉપરથી ૬૬૬૦૦ ની પ્રતિકીરક સપાટી ધ્યાનમાં રાખી વેચાણ તરફીરુકમાં નીચે ૬૩૩૦૦ થી ૬૨૬૦૦ સુધીનું લેવલ જોવા મળે. એકંદરે રેન્જમાં ૬૨૧૦૦ આસપાસ સપોર્ટ છે જે તોડે તો આગામી સમયમાં ચાંદીમાં ઘટાડો આગળ વધે અને ફરી ભાવ ઘટીને ૫૮૦૦૦ આસપાસ જોવા મળી શકે.

બાય એન્ડ સેલ..... પા.નં. ૧ નું ચાલુ

**પ્રતિકારક સપાટી :** ૧૭૦૨૮, ૧૭૨૬૩, ૧૭૪૮૭ અને ૧૭૭૭૬

**તા. ૧૬.૦૯.૨૦૧૧ ના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૭૦૨૮ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૭૨૧૮-૧૭૨૬૩ રહેશે. નહીંતર તે ૧૬૬૯૫-૧૬૬૦૧ ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૬૮૬૩, ૧૬૭૬૮, ૧૬૬૯૫ અને ૧૬૬૦૧

**પ્રતિકારક સપાટી :** ૧૭૦૨૮, ૧૭૧૩૭, ૧૭૨૧૮ અને ૧૭૨૬૩

**નિફ્ટી ૫૦૮૪**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૧)**

આ સપ્તાહે ૫૧૧૩ અને ૫૦૩૨ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૧૧૩ ઉપર અથવા તો ૫૦૩૨ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૫૦૩૨, ૪૯૪૧, ૪૮૮૩ અને ૪૮૦૬

**પ્રતિકારક સપાટી -** ૫૧૧૩, ૫૧૮૪, ૫૨૫૨ અને ૫૩૪૩

**તા. ૧૯.૦૯.૨૦૧૧ ના રોજ નિફ્ટીની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૫૧૧૩ ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૧૬૭-૫૧૮૪ દર્શાવી શકે. નહીંતર નિફ્ટી ૫૦૧૪-૪૯૮૨ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૫૦૬૩, ૫૦૩૨, ૫૦૧૪ અને ૪૯૮૨

**પ્રતિકારક સપાટી -** ૫૧૧૩, ૫૧૪૪, ૫૧૬૭ અને ૫૧૮૪

**સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી**

**તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૧**

| SCRIP | CLOSE | SUPPORTS | RESISTANCES |
|---|---|---|---|
| ABAN | 387 | 380,375 | 405,422 |
| ADANIENT | 596 | 581,572 | 624,635 |
| BHARTI | 386 | 380,373 | 397,410 |
| CIPLA | 283 | 279,274 | 294,303 |
| DIVIS | 720 | 716,705 | 743,770 |
| DLF | 209 | 201,194 | 226,235 Above 214 |
| HDFC | 662 | 650,635 | 679,694 |
| HINDALCO | 145 | 143,138 | 156,163 |
| HPCL | 377 | 370,361 | 395,412 |
| ICICIBANK | 883 | 855,840 | 932,963 Above 895 |
| INFY | 2395 | 2352,2325 | 2449,2516 |
| ITC | 198 | 195,190 | 206,213 |
| JINDALSTEEL | 545 | 540,527 | 559,570 |
| LIC | 211 | 207,202 | 224,235 |
| MARUTI | 1108 | 1080,1045 | 1175,1202 Abv 1118 |
| ONGC | 275 | 269,262 | 288,297 |
| RELCAPITAL | 406 | 396,387 | 437,468 Above 420 |
| RELIANCE | 826 | 805,782 | 860,887 |
| RELINFRA | 464 | 452,441 | 483,496 |
| SBIN | 1951 | 1919,1882 | 2044,2109 Abv 1985 |
| SESAGOA | 224 | 220,217 | 231,240 |
| SUNPHARMA | 489 | 481,472 | 510,527 Above 496 |
| TATAMOTORS | 162 | 158,153 | 171,176 Above 164 |
| TATAPOWER | 984 | 963,950 | 1014,1035 |
| TATASTEEL | 460 | 454,451 | 469,480 |
| TCS | 1028 | 1011,990 | 1056,1073 |
| YESBANK | 281 | 276,271 | 293,302 Above 285 |

## ન્યૂઝ ટ્રેક



★ *સદ્ભાવના મિશન અંતર્ગત ઉપવાસના આરંભે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને પત્ર પાઠવ્યો આવો, સદ્ભાવના મિશનને આગળ ધપાવીએ.* ★ *મુખ્યમંત્રી તરીકે રાજ્યના કોઈપણ નાગરિકની પીડા એ મારી પીડા છે.. સૌને ન્યાય એ રાજ્યનું કર્તવ્ય છે..* ★ *આ કર્તવ્ય અમે ઉત્તમ રીતે નિભાવીશું*

★ *તા. ૧૭.૯.૨૦૧૧ ના સમગ્ર દિવસ દરમિયાન ગુજરાતના નામાંકિત કલાકારો ભકિત-સંગીત દેશભકિતના ગીતોથી સદ્ભાવના ઉજાગર કર્યું*

★ *અડવાણી-રાજનાથસિંહ સહિતના ભાજપાના દિગ્ગજો અને એ.આઈ.ડી.એમ.કે. સંસદીય દળના નેતા મુખ્યમંત્રીશ્રીને શુભેચ્છા પાઠવી.* ★ *સામાજિક સદ્ભાવ, શાંતિ અને વિકાસને વરેલા સહુની શુભેચ્છાઓના અવિરત સંદેશાઓ.* ★ *ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી અભૂતપૂર્વ ઉમળકાભર્યો પ્રતિસાદ.*

★ **સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજિંગ ડીરેન્કટર શ્રી એસ.જગદીશને કહ્યું આપત્તિ સામેનું સુરક્ષા કવચ મોટી જાનહાની નિવારીશકે છે. - માહિતી કમિશ્નર શ્રી વી. થીરુપુગલ**

★ **ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જિનિયર્સ ગુજરાત સ્ટેટ સેન્ટર દ્વારા ૪૪મા એન્જિનિયર્સ ડેની ઉજવણી કરવામાં આવી**

## એનડીટીવી ગુડ ટાઈમ્સનું "હંટ ફોર કિંગફીશર કેલેન્ડર ગર્લ્સ ૨૦૧૨"નું ઉદેપુર પેલેસ રિસોર્ટસ એન્ડ સ્પામાં

એનડીટીવી ગુડ ટાઈમ્સ "હંટ ફોર કિંગફીશર કેલેન્ડર ગર્લ્સ-૨૦૧૨" આ વખતે ઝીલોની શાહી નગરી ઉદેપુરમાં યોજાશે. આ લોકપ્રિય રિયાલીટી શો આ વખતે વધુ મોટો, ઉત્સાહવર્ધક અને આકર્ષક હશે. છેલ્લા ૯ વર્ષથી કિંગફીશર હોટ મોડેલ અને સરસ લોકેશનનું પર્યાય બની ગયું છે. જ્યાં ૧૫ મહત્ત્વકાંક્ષી મોડેલ અતિ પ્રિય કિંગફીશર સ્વીમસ્યુટ કેલેન્ડર ૨૦૧૨માં ચકમવા માટે સ્પર્ધામાં ભાગ લેશે. આ શો ઓક્ટોબર ૧૭ થી સોમવારથી ગુરુવાર રાત્રે ૧૦ વાગ્યે માત્ર એનડીટીવી ગુડ ટાઈમ્સ પર જોવાનું રખે ચૂકતા.

બાજ નજરે.. પા.નં. ૫ નું ચાલુ

**(૩) ઓન મોબાઈલ (૬૨.૬૫) :-** રૂ. ૫૮ સ્ટોપલોસ... નજીકમાં જ ૬૮ થી ૭૫. **(૪) સુઝલોન (૩૯.૬૫) :-** રૂ.૩૭ સ્ટોપલોસ... નજીકમાં જ ૪૩ થી ૪૫. **(૫) એસ. કુમાર (૫૦.૪૫) :-** રૂ.૪૬ સ્ટોપલોસ... નજીકમાં જ ૫૪ થી ૫૯.

**હોટ ડિલેવરીબેઈઝ રોકાણ :**

**(૧) બજાજ હિંદ (૫૦૦૦૩૨) (૪૯.૬૦) :-** નજીકમાં જ ૫૨ થી ૫૪. **(૨) એસ્સાર (૫૦૦૧૩૪) (૯૫.૫૦) :-** નજીકમાં જ ૯૭ થી ૧૦૦. **(૩) યુનિટેક (૫૦૭૮૭૮) (૨૮.૦૫) :-** નજીકમાં જ ૩૦ થી ૩૨. **(૪) ટીટીએમએલ (૫૩૨૩૭૧) (૧૮.૫૫) :-** નજીકમાં જ ૨૦ થી ૨૩. **(૫) જીવીએલ એગ્રો. (૫૧૯૨૪૮) (૧૫.૮૦) :-** નજીકમાં જ ૧૮ થી ૨૦. **(૬) ઝી લર્ન (૫૩૩૨૮૭) (૧૯.૩૫) :-** નજીકમાં જ ૨૧ થી ૨૩. **(૭) એચસીસી (૫૦૦૧૮૫) (૨૯.૮૫) :-** નજીકમાં જ ૩૨ થી ૩૪. **(૮) જીવીકે પાવર (૫૩૨૭૦૮) (૧૭) :-** નજીકમાં જ ૧૯ થી ૨૧. **(૯) ગુજ. એનઆરઈ (૫૧૫૫૭૯) (૨૭.૨૫) :-** નજીકમાં જ ૨૯ થી ૩૨. **(૧૦) આલોક (૫૨૧૦૭૦) (૧૮.૪૦) :-** નજીકમાં જ ૨૦ થી ૨૨.

# જુલાઈ આઈ આઈ પી ડેટા નબળા આવતાં તેમ જ ફરીથી પેટ્રોલમાં ભાવ વધારો આવતાં ભારતીય શેર બજારમાં અસ્થિરતાનો માહોલ

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**
**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૩૪**

ઉપર જણાવ્યા મુજબ ગત સપ્તાહમાં મંગળવારના રોજ જુલાઈમાસના આઈ આઈ પી ડેટા જાહેર થયા તે જુન મહિનાના ૮.૬ ની સામે માત્ર ૩.૩ આવ્યા, તે ખૂબ જ ખરાબ કહેવાય.આને આ કારણે સમગ્ર શેરબજારમાં ચો તરફ વેચવાલી જોવા મળી પરંતુ ફરીથી એક વાર કેન્દ્ર સરકાર દ્વારા વિદેશી રોકાણકારો માટે ઈન્ફ્રસ્ટ્રક્ચર બોન્ડમાં રોકાણ કરવાની નિતીમાં છૂટછાટ આપવાની જાહેરાત થતાં તેમ જ યુરોપ અને અમેરિકાનાં બજારોમાં પણ ઉંચા મથાળે લેવાલી જોવાતાં ભારતીય શેર બજારમાં પણ સુધારો જોવા મળ્યો.

પરંતુ ગુરુવારના રોજ ફરી એક વાર પેટ્રોલના ભાવમાં રૂ. ૩ નો વધારો જાહેર થયો, તેના કારણે રાજકીય પાર્ટીઓમાં વિવાદાત્મક ઝઘડાજોવા મળ્યા. અને છેલ્લે શુક્રવારના રોજ આર બી આઈ દ્વારા જાહેર કરાયેલ ધિરાણ નિતીમાં રેપોરેટમાં ૨૫ બીપીએસનો વધારો થતાં શેરબજારમાં નરમાઈ જોવા મળી અને સપ્તાહના અંતે ઉપર નીચે - નીચે ઉપરના નિરસ વાતાવરણ વચ્ચે મુંબઈ શેર બજાર આંક ૧૭૦૬૧ પોઈન્ટે બંધ આવ્યો.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**એપ્ટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૩૪**

શેરબજારના જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝુનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આઈટી એજયુકેશનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની છેલ્લા થોડા દિવસથી તેજીની ચાલ દર્શાવી રહેલ છે તેમ જ છેલ્લા એક માસથી આ શેર ભારે વોલ્યુમ સાથે ટ્રેડ થઈ રહેલ છે. કંપનીમાં બે થી ત્રણ વર્ષના લાંબા ગાળાના રોકાણકાર માટે આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉત્તમ તક છે.

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો.**
**૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

**પુંજ લઈડ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**
**હાલનો ભાવ રૂ.૬૨**

એન્જીનીયરીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની મીની એલ એન્ડ ટી જેવું સ્ટેટસ ધરાવે છે. કંપની પાસે જંગી પ્રમાણમાં ઓર્ડર છે. કંપની હાલ તેની પર સપ્તાહની નીચી સપાટીની આસપાસ ઉપલબ્ધ છે. લાંબા ગાળા માટે રોકાણ કરી શકાય.

**એચ ડી આઈ એલ.**
**બીએસઈ કોડ ૫૩૨૮૭૩**
**હાલનો ભાવ રૂ.૧૦૫**

હાઉસીંગ ડેવલપમેન્ટ તેમ જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની આઈપીઓ પ્રાઈઝ કરતાં ખૂબ નીચા ભાવે ઉપલબ્ધ છે. આ કંપનીનું ફન્ડામેન્ટલ થોતાં આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવવાના ૨૦ છે.

**આવતા સપ્તાહમાં એજયુકેશન તેમ જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શેરોમાં લેવાલી જોવા મળે**

**શ્રેઈ ઈન્ફ્રા લી.**
**બીએસઈ કોડ ૫૨૩૭૫૬**
**હાલનો ભાવ રૂ.૩૬**

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીમાં જાણીતા બીગબૂલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝુનવાલાનું ૧ ટકો હોલ્ડીગ છે. કંપની પાસે ખૂબ જ સારા પ્રોજેકટસ છે. તો આ મંદીમાં આવા સોના જેવા શેરમાં હાલના ભાવે રોકાણ કરવાની ઉત્તમ તક છે.

**આઈ વી આર સી એલ એન્ફ્રા લી.**
**બીએસઈ કોડ ૫૩૦૭૭૩**
**હાલનો ભાવ રૂ.૪૨**

રોડ, હાઈવે, બ્રીજ જેવાઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેકટના વ્યવસાય સાથે સાંકળાયેલ સમગ્ર ભારતમાં જાણીતી હૈદરાબાદ સ્થિત આવેલ આ કંપનીનો શેર હાલમાં પાણીના ભાવે ઉપલબ્ધ છે. આંખો મીંચીનો આ શેરમાં રોકાણ કરવાની સારા રોકાણકાર માટે ઉત્તમ તક છે.

**એપ્ટેકના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા કુટુંબને સુખી અને સમૃધ્ધ બનાવો**

# તળિયાની સપાટી ૪૯૧૧

**તા.૧૬/૦૯/૨૦૧૧**

**બમણો માર**

હાલમાં બજારો પેટ્રોલના ભાવમાં લીટર દીઠ રૂ. ૩ નો વધારો અને વ્યાજદરમાં ૨૫ બેઝીક પોઈન્ટનો વધારો એમ બે ધારી તલવારનો સામનો કરી રહેલ છે. આર બી આઈ એ ફરી એક વાર વ્યાજ દર વધારીને ફૂગાવાને નાથવાની તેની નીતિ ચાલુ જ રાખી છે. અને ફૂગાવા સામે લડવાની તેની પ્રતિબધ્ધતા બતાવીને આર બી આઈ એ રેપોરેટ ૨૫ બી પી એસ વધારીને ૮.૨૫ ટકા




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ રોકાણકારોના હિત માટે સમર્પિત**

કરેલ છે અને રિવર્સ રેપો ૨૫ બીપીએસ વધારીને ૭.૨૫ ટકા કરેલ છે. આશ્ચર્યજનક રીતે આર બી આઈનું એકજ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિતકરણ થોડી ચિંતા ઉપજાવે છે કારણ કે એવી ધારણા કરવામાં આવે છે કે અર્થતંત્ર ૭ ટકાના વિકાસદરે વિકસી રહેલ છે અને તેથી આર બી આઈ નાં બધાં જ પગલાં ફૂગાવાને કાબૂમાં લેવા માટેના લક્ષ સાથેનાં જ હોય છે. બજાર પેટ્રોલનો ભાવ વધારો અને વ્યાજદરમાં થયેલ વર્ધ્ધિ છતાં તેની તેજીમયતા ગુમાવવામાંથી બચી ગયું છે, પરંતુ હજુસુધી તેણે સમ પણ હકારાત્મક બંધ આપવાાં સફળતા મેળવેલ છે.

**૪૯૧૧નો મજબૂત ટેકો**

નિફ્ટીએ ૪૯૧૧ની સપાટીએ તળિયાની સપાટી સ્થાપિત કરી છે. જો આપણે સોમવાર અને મંગળવાર કેન્ડલસ્ટીક પેટર્નને વિચારણામાં લઈએ તો, હાલમાં આ સપાટી મહત્વની બની રહે છે. આ તળિયાની સપાટી બજારને ટેકો પુરો પાડે છે અને તેથી પુલ બેક રેલીની અપેક્ષા રાખવામાં આવેલ હતી અને તે આવી પણ ખરી. ખરેખર તો એવી ધારણા કરી શકાય કે પુલબેક રેલી સેન્સેક્ષની નીચી સપાટી ૧૫૭૬૫ અને નિફ્ટીની નીચેની સપાટી ૪૭૨૦ થી ચાલુ રહેલ છે. જયાં સુધી ૪૯૧૧ની સપાટી જળવાઈ રહે ત્યાં સુધી આ પુલબેક રેલી ચાલુ જ રહેનાર છે. હાલમાં નિફ્ટી ૪૯૦૦ થી ૫૨૦૦ ની નાની રેન્જમાં ટ્રેડ થઈ રહેલ છે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૬૬૬૮ પોઈન્ટથી થઈ, ૧૭૧૨૨ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૬૩૭૪ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૬૯૩૩ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સાપ્તાહિક ધોરણે સેન્સેક્ષે ૬૭ પોઈન્ટની વૃધ્ધિ સાથે બંધ આપ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૪૯૮૧ પોઈન્ટથી કરી, ૫૧૪૩ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૪૯૧૧ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૦૮૪ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ સાપ્તાહિક ધોરણે ૨૫ પોઈન્ટના વૃધ્ધી સાથે બંધ આપ્યો.

આર બી આઈ એ વ્યાજદરમાં કરેલ વૃધ્ધિને કારણે બજાર શુક્રવારે પહેલા અડધા દિવસ દરમ્યાન નોંધાવેલ વૃધ્ધિને જાળવી શકે તેમ ન હતું, આ કારણે બંને ઈન્ડેક્ષોએ શુક્રવારના દૈનિક ચાર્ટ ઉપર બ્લેક બોડી કેન્ડલની રચના કરેલ છે. આ પુરી કેન્ડલ આગળના દિવસની કેન્ડલ ઉપર જ છે. અને આથી તેને સંપૂર્ણપણે મંદીમય રચના તરીકે ખપાવી શકાય નહીં.સાપ્તાહિક ચાર્ટ પર બંને ઈન્ડેક્ષોએ સફેદ બોડીની કેન્ડલની રચના કરેલ છે જે આગળના દિવસની સફેદ બોડીની કેન્ડલને ગળી જાય છે. જો આપણે છેલ્લા ત્રણ સપ્તાહની કેન્ડલની રચનાઓને લક્ષમાં લઈએ તો આ રચના બાજુની સફેદ લાઈન દ્વારા તેજીમય રચનાની બિલકૂલ નજીક છે. પરંતુ પ્રથમ સપ્તાહની અને બીજા સપ્તાહની કેન્ડલ વચ્ચે કોઈ જગ્યા નથી, અને તેથી તેને સાઈડ બાય સાઈડ વ્હાઈટ લાઈન તરીકે ગણાવી શકાય નહીં. તેથી સાપ્તાહિક ચાર્ટ પર તે ટૂંકા સમયગાળા માટેની ઉર્ધ્વગતિ સિવાય કંઈ જ નથી. જો આપણે સોમવારે અને મંગળવારની કેન્ડલસ્ટિકની રચનાને ગણતરીમાં લઈએ તો નિફ્ટીએ તિક્ષ્ણ તળિયાની સપાટી બનાવી છે

**આગામી સપ્તાહે, સેન્સેક્ષનો ટેકો ૧૬૫૪૯-૧૬૧૪૧-૧૫૭૬૫ અને પ્રતિકારક સપાટી ૧૭૨૪૬-૧૭૫૪૯-૧૭૮૫૭ રહેશે**

સેન્સેક્ષ અને નિફ્ટી બંને ઈન્ડક્ષેએ પાછળ મેઝરીંગ ગેપ છોડેલ છે એટલે કે સેન્સેક્ષે ૧૭૩૫૮-૧૭૬૬૪ અને નિફ્ટીએ ૫૨૨૯-૫૩૨૩ સુધી. જેનો લક્ષાંક સાધ્ય થઈ ગયેલ છે જ. આ ગેપ એ બેરીશ ફીલીંગ ગેપ છેઅને તેથી તે મજબૂત પ્રતિકારક સપાટીના ગાળા તરીકે કાર્ય કરેછે.

સેન્સેક્ષ અને નિફ્ટી બંન તેની ટંકાગાળાની સરાસરી ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૬૫૯૦ અને નિફ્ટી ૪૯૭૭) ઉપર છે. અને તેથી ટૂંકા ગાળાની રૂખ ઉપરતરફ છે. બજાર મધ્યમ ગાળાની સરાસરી ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૭૪૮૪ અને નિફ્ટી ૫૨૫૪) તેમ જ લાંબા ગાળાની સરાસરી ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૪૭૬ અને નિફ્ટી ૫૫૪૩) થી સારાં એવાં નીચી સપાટીએ છે, **પરિણામે મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની રૂખ નિમ્નમૂખિ રહેવા પામેલ છે.**

પુલબેક તેના ટ્રેકમાં સેન્સેક્ષમાં ૧૭૨૧૧ અને નિફ્ટીમાં ૫૧૬૯ ની સપાટીએ અટકી ગયેલ છે જે તેની પ્રતિકારક સપાટી **૧૭૩૧૧-૧૭૪૪૮ અને નિફ્ટીમાં ૫૧૮૮-૫૨૩૦ થોડાનીચે છે.આ ઝોનમાં ઘણી પ્રતિકારક શક્તિઓના સંગમને કારણેછે.નજીકના ઘટાડાના ૫૦ ટકા** એટલે કે સેન્સેક્ષમાં ૧૯૧૩૧ થી ૧૫૭૬૫ અને નિફ્ટીમાં ૫૭૪૦ થી ૫૭૨૦નો ઘટાડો, ૩૮.૨ ટકા નજીકનો ઘટાડો એટલે કે સેન્સેક્ષમાં ૧૯૮૧૧ થી ૧૫૭૬૫ અને નિફ્ટીમાં ૫૯૪૪ થી ૪૭૨૦ જેટલો છે. આ બંને સપાટીઓ ફેલીંગ ગેપની શરુઆતથી સહાયિત થયેલ છે.

આ ઉપરાંત, અહીં સેન્સેક્ષમાં ૧૭૬૬૪-૧૭૮૪૫ વચ્ચે અને નિફ્ટીમાં ૫૩૨૩-૫૩૬૦ વચ્ચે મજબૂત પ્રતિકારક સપાટીનો ગાળો આવે છે. આ પ્રતિકારક સપાટીનો ગાળો તાજેતરના ઘટાડાના ૬૧.૮ ટકા અને વચગાળાના ઘટાડાના ૫૦ ટકા અને સળંગ ઘટાડાના ૩૮.૨ ટકાના સંગમથી બનેલ છે. તેને વધુ મજબૂતાઈ ફેલીંગ ગેપ અને ૫૦ ડી એમ એ થી મળેલ છે. આ રીતે હવે બીજી પ્રતિકારક સપાટીનો ગાળો સેન્સેક્ષમાં ૧૭૬૬૪-૧૭૮૪૫ અને નિફ્ટીમાં ૫૩૨૩-૫૩૬૦ વચ્ચે આવે છે.

વિશાળ દ્રષ્ટિકોણથી જોઈએ તો બજાર સેન્સેક્ષની ૭૬૯૭ થી ૨૧૧૦૮ સુધીની અને નિફ્ટીની ૨૨૫૨ થી ૬૩૩૮ સુધીની સળંગ વૃધ્ધિથી સુધરી રહેલ છે. જો બજાર હાલની નીચેની સપાટી સેન્સેક્ષમાં ૧૫૭૬૫ અને નિફ્ટીમાં ૪૭૨૦ તોડે, તો બજાર સેન્સેક્ષ અને નિફ્ટીના સળંગ ઘટાડના ૫૦ ટકા અને ૬૧.૮ ટકા સપાટી તરફ ગતિ કરે. આ સપાટીઓ સેન્સેક્ષમાં ૧૪૪૦૨-૧૨૮૨૦ અને નિફ્ટીમાં ૪૨૯૫-૩૮૧૩ છે.

સેન્સેક્ષ અને નિફ્ટી બંનેએ સાપ્તાહિક બેરીશ હેડ એન્ડ શોલ્ડર બ્રેકઆઉટ આપેલ છે અને આ પછી બેરીશ ડીસ્કેન્ડીંગ ટ્રાયેંગલ પણ પૂર્ણ કરેલ છે. બેરીશ હેડ એન્ડશોલ્ડરનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૪૬૫૧-૧૩૯૨૮ અને નિફ્ટીમાં ૪૩૫૭-૪૧૪૩ પર આવે છે. બેરીશ ડીસ્કેન્ડીંગ ટ્રાયેંગલનો લક્ષાંક સેન્સેક્ષમાં ૧૩૯૫૨ અને નિફ્ટીમાં ૪૨૦૦ પર આવે છે.

**ટૂંકા ગાળાની, મધ્યમ ગાળાની અને લાંબા ગાળાની રૂખ નિમ્નમૂખિ રહેવા પામેલ છે.**

સંકેતકો મિશ્ર ચિત્રણ ઉભું કરી રહેલ છે. એમ એ સી ડી એ ખરીદીના સંકેત આપેલ છે પરંતુ હજુ તે નકારાત્મક ટેરીટરીમાં છે. આર એસ આઈ સેન્ટરલાઈની ઉપર ગતિ કરી ગયેલ છે અને હાલમાં ૫૧ પર છે તે મુજબ તેણે હમણાં જ ખરીદીના સંકેત આપેલ છે, આર ઓ સીએ પણ હકારાત્મક પ્રદેશમાં રહી ખરીદીના સંકેત આપવાનું ચાલુ જ રાખેલ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટરે પણ ખરીદીના સંકેત આપેલ છે અને %કે, % ડીની ઉપર છે. દીશાસૂચક સંકેતકો એક જ બીન્દુ પર પરિવર્તિત થયેલ છે અને જો +ડીઆઈ - ડીઆઈ ઉપર ગતિ કરી જાય તો ખરીદીના સંકેત આપી શકે. એડીએક્ષ નાણાકીય રીતે ૨૫ સુધી તૂટેલ છે અને સંકેત આપી રહેલ છે કે નિમ્નગતિ તેની મજબૂતાઈ ગુમાવી રહેલ છે.મનીફ્લો જે રીતે ઉપર ૬૮ સુધી પહોંચેલ છે તે થોતાં તે પણ ખરીદી સૂચવે છે અને સંકેત આહપી રહેલ છે કે બજારમાં નાણાકીય પ્રવાહ આવી રહેલ છે. ઓબીવી જો કે હજુ ખરીદીના સંકેત આપતી નથી પરંતુ તેને ઉંચી તળિયાની સપાટી બનાવી છે.

નિફ્ટી ઓઆઈપીસીઆર હાલ તે ૧.૬૧ની સપાટીએછે. મહત્તમ કોલ રાઈટીંગ ૫૨૦૦ ના સ્ટ્રાઈક ભાવે જોવા મળેલ છેઅને ૪૯૦૦ પુટે ઉંચું ઓપન ઈન્ટરેસ્ટ ઉમેરાયેલ છે. તેથી ટૂંકા ગાળામાં એવી અપેક્ષા રાખી શકાય કે નિફ્ટી ઉપરની તરફ ૫૨૦૦ અને અને નીચે તરફ ૪૮૦૦ ની સપાટી વચ્ચે જોવા ગતિ કરતી જોવા મળે

સેન્સેક્ષમાં ૧૭૧૯૬ અને નિફ્ટીમાં ૫૧૫૭ ટ્રેડીંગ રેજીસ્ટન્સ રહેશે.

સેન્સેક્ષમાં ૧૬૫૮૫ અને નિફ્ટીમાં ૪૯૭૩ ટ્રેડીંગ સપોર્ટ રહેશે.

આગામી સપ્તાહે, સેન્સેક્ષનો ટેકો ૧૬૫૪૯-૧૬૧૪૧-૧૫૭૬૫ અને પ્રતિકારક સપાટી ૧૭૨૪૬-૧૭૫૪૯-૧૭૮૫૭ રહેશે. આગામી સપ્તાહે નિફ્ટીનો ટેકો ૪૯૬૫-૪૮૪૩-૪૭૨૦ અને પ્રતિકારક સપાટી ૫૧૭૭-૫૨૬૯-૫૩૭૩ રહેશે.

**ગત સપ્તાહની ભલામણો પર એક નજર**

**એચ પી સી એલ સિવાયની બધી જ ભલામણોએ તેમના લક્ષાંક સાધ્ય કર્યા. આ સપ્તાહનો સ્ટાર પર્ફોમર હતો એસ બી આઈ જે ૭ ટકા કરતાં વધારે ઉપર ગયો હતો.**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Sell SBI | 1952 | 1872 | 1808 | 125 | Rs.18,000 |
| Sell Glaxo | 2094 | 2038 | 2010 | 125 | Rs.10,500 |
| Sell HPCL | 360 | 351 | 357 | 1000 | Rs.3,000 |
| Sell IRB | 165 | 157 | 154 | 1000 | Rs.11,000 |
| Sell Exide | 137 | 131 | 129 | 2000 | Rs.16,000 |
| | | | | Total | Rs.58,500 |

**આગામી સપ્તાહ માટે ભલામણ**

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|
| Buy Educomp | 237 | 232 | 245 | 254 |
| Buy CentralBnk | 104 | 102 | 108 | 113 |
| Buy HDiL | 109 | 107 | 114 | 120 |
| Buy IRB | 173 | 170 | 178 | 184 |
| Buy NagCon | 69 | 68 | 72 | 76 |

**સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી**

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4720 | 4843 | 4965 | 5084 | 5177 | 5269 | 5373 |
| Sensex | 15765 | 16141 | 16549 | 16933 | 17246 | 17549 | 17857 |

# આવનાર સપ્તાહે ઓટો, ફાર્મા અને માઈનીંગ ક્ષેત્ર સારો જયોતિષિય સહયોગ મેળવશે

**તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૧**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા વૃષભ, મિથુન અને કર્ક રાશીમાં ભ્રમણ કરશે, સૂર્ય, શનિ અને શુક્ર મિથુનમાં, બુધ સિંહમાં, કેતુ વૃષભમાં, મંગળ કર્કમાં, ગુરૂ મેષમાં, રાહુ વૃશ્ચિકમાં, પ્લુટો ધન રાશીમાં અને નેપ્ચ્યુન કુંભ રાશીમાં ભ્રમણ કરશે.

**ચેતવણી** આવનાર થોડાં સપ્તાહમાં બજારની જયોતિષિય સ્થિતી પ્રતિકૂળ રહેવાનું ચાલુ જ રહેશે. દરેક ઉછાળે નિફ્ટી વેચો.

આમ છતાં તા. ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ મંગળના ગ્રહની સ્થિતિમાં ફેરફાર થવાને કરણે થોડી રાહત જોવાશે પરંતુ બુધના ગ્રહ સાથેનો પ્રશ્ન હજુ ચાલુ જ રહેશે.

આ શેરે છેલ્લા પરિણામોના આંકડા પ્રદર્શિત કર્યા છે જે સુંદર છે. ૪૯૭ કરોડની આવકો દેખાડી છે જે ત્રિમાસિક ગાળા માટે ૬ ટકા અને વાર્ષિક ધોરણે ૨૩ ટકાનો વધારો દર્શાવે છે. ઈબીટીઈએ = ૯૦ કરોડની છે. ત્રિમાસિકનો પ્રોફીટ માર્જીનમાં ૧૦ ટકાનો વધારો કંપનીએ નોંધાવ્યો છે. કંપની ફક્ત ન્યૂઝ પેપરમાં પરોવાયેલી નથી પરંતુ ડાઈવર્સિફાઈડ ધંધો ધરાવે છે. "ફેવર-૧૦૪" અને તેના ડીઝીટલ બીઝનેસની પ્રગતિ જોતા આવતા ૧૮ મહિનામાં આ શેર ૨૦૦ આસપાસનો ભાવ આપે તેવી શકયતા છે. તેનું મૂલ્યાંકન કરતા ૧૬ પીઈ જો ૨૦૧૩ માટે અંદાજીએ અને ઈપીએસ ૧૨.૫ અંદાજીએ તો ૪૦ ટકા ના વળતરની શકયતા છે. ઘટાડે આ શેરને પોર્ટફોલિયોમાં નાંખો.



**રજનીકાન્ત સી. ઠક્કર**
**ફોન : (૦૨૬૯૭)૨૪૪૮૧૮**
**(M)૯૮૭૯૯૨૧૯૫૧,**
**૯૪૨૬૫૮૩૪૫૩**
**E-mail: Rajanithakkar @yahoo.co.in**

## સાપ્તાહિક શેર ભવિષ્ય

## શેર બજારની તેજી-મંદી ૧૯-૦૯-૨૦૧૧ થી ૨૩-૦૯-૨૦૧૧

| | | |
|---|---|---|
| ૧૯.૦૯.૨૦૧૧ | સોમવાર | બજાર તેજ ખુલશે, ૧૦.૫૪ થી ૧૨.૫૪ સારી મંદી. ૧૨.૫૪ થી બેઉ તરફી વધઘટના અંતે નરમ રહેશે. તમામમાં બેઉ તરફી વધઘટ રહેશે. |
| ૨૦.૦૯.૨૦૧૧ | મંગળવાર | બજાર નરમ ખૂલશે. ૧૦.૩૦ થી૧૨.૫૬ તેજ રહેશે. ૧૨.૫૬ થી નરમ રહેશે. જવેલરી, ડાયમંડ, ચા, કોફી, રબર, ટાયર, હોટેલ, મોટેલમાં નરમાઈ રહેશે. |
| ૨૧.૦૯.૨૦૧૧ | બુધવાર | બજાર તેજ ખુલશે. ૧૨.૪૦ થી નરમ રહેશે. બેંક, કાગળ, પ્રકાશન, ટેલિકોમ્યુનિકેશન, એવીએશન, હેવી મશીનરીમાં નબળાઈ રહેશે. |
| ૨૨.૦૯.૨૦૧૧ | ગુરુવાર | બજાર તેજ ખુલશે. ૦૯.૩૭ થી ૧૩.૦૨ સમ ,૧૩.૦૨ થી૧૪.૪૯ સામાન્ય નરમ રહેશે. ૧૪.૪૯ થી બજાર એકદમ જ નરમ રહેશે. લોખંડ, મશીનરી, ઓટો, સિમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નરમાઈ રહેશે. |
| ૨૩.૦૯.૨૦૧૧ | શુક્રવાર | બજાર તેજ ખુલી તેજ બંધ રહેશે. લોખંડ, મશીનરી, ઓટો, સીમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાઉસિંગમાં નરમાઈ રહેશે. |

**:સૂચના**

૧. ઉપરોક્ત આગાહી માત્ર માર્ગદર્શનના હેતુથી હિંદુ જ્યોતિષશાસ્ત્રના આધારે જ આપવામાં આવેલ છે.
૨. આપની સટ્ટાકીય વૃત્તિ કે નિર્ણયશક્તિના અભાવે થનાર નફા કે નુકસાન માટે લેખક, સંપાદક કે પ્રકાશક જવાબદાર રહેશે નહીં. આપના નફા કે નુકસાનની જવાબદારીઆપની પોતાની રહેશે.
૩. દરરોજના નિફ્ટીના લેવલ જોવા માટે www.vyaparbhavishya.com ની મુલાકાત લો.

## તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૧ થી ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૧ નાં ટ્રેડીંગ લેવલ્સ

વૈશ્વિક બજારો - અમેરિકન અને યુરોપીપનમાં મજબૂત કમબેક. ડાઉ ૫ દિવસ ઉપર તરફ સીધી સસફર કરી ૬ ટકા જેટલો ઉપર આવ્યો

જ્યારે આપણાં બજારો નિરાશાજનક આઈ આઈ પી નંર અને આર બી આઈ તરફથી થયેલી જાહેરાતને પગલે ફસકાઈ ગયાં.

મારી માન્યતા મુજબ આવનાર સપ્તાહ મહત્વનું છે. યુરોપ અને યુઅસ રાહતનો દેશ લેશે જ્યારે આપણાં બજારોએ ઈન્ટ્રાડે નુકશાન દ્વારા રોજે રોજ જોરદાર સ્થિતિસ્થાપકતા બતાવેલ છે. વૈશ્વિક ટેકો પણ ન હતો. આપણે ત્યાં તો પેટ્રોલના ભાવ પણ વધ્યા છે અને તે કારણે ઓ અને જી સી એફ પી ઓ પણ હાલ સ્થગિત થયેલ છે. આ બાબત સરકારશ્રીની અનિર્ણયકતાનાં દર્શન કરાવે છે.

ગત સપ્તાહે રૂપિયો નબળો પડવાને કારણે આઈ ટી શેરોએ મજબૂત કમબેક દર્શાવ્યો અને બેંકો પણ અગાઉના સપ્તાહમાં જે નીચી સપાટી બનાવેલ હતી તેની ઉપરની સસપાટી તરફની ગતિ

### સાપ્તાહિક ટ્રેન્ડ



**માધવ રાનડે**
**મો. ૦૯૩૭૧૦૦૨૯૪૩**
email: sumamura@dataone.in

દર્શાવી. હાલના વૈશ્વિક દેખાવમાં આવનાર સપ્તાહમાં આ ચાલુ રહેશે અને વધુ સારો દેખાવ જોવા મળશે.

રિલાયન્સ કે જેની પાસે ચાવી છે તે શેરે શુક્ઢરવારે છેલ્લા એક કલાકમાં સારી એવી નબળાઈ દર્શાવી. જો તે ઉપર તરફ સરકે અને ફરી એક વાર ૮૦૦ ની સપાટી હાંસલ કરી શકે. આપણી પાસે એક કઠીન સમસ્યા એ છે કે આઈ ટીની ઉર્ધ્વગતિ હાવે તેની મજબૂતાઈ અને સારો દેખાવ ગુમાવી રહેલ છે.

જો આપણાં બજારો અડધો કલાક માટે પણ ૧૭૮૦૦ ની સપાટીએ ટકી રહેવાં જોઈએ કે જેથી તે વધુ ઉર્ધ્વગતિ દાખવી શકે. જો એક વખત તે નીચેની સપાટીએ ૧૬૭૬૦ની સપાટી તોડે તો પાછી નબળાઈ જોવા મળે.

બીજી વધુ માહિતી માટે મારી વેબસાઈટ WWW.SUMAMURA.COM ની મુલાકાત લેવાનું ચાલુ રાખો. તમારે ...ાઈટમાં મોડ્યુલ્સ સેકશન જોવા માટે રજીસ્ટર્ડ થવાની જરરુ રહેશે મારી વેબસાઈટ ૪ એપ્રિલ ૨૦૧૧ થી પેઈડ વેબસાઈટ બનેલ છે. હાલમલાં હું ખૂબ જ આકર્ણક શરુઆતના દર રાખી રહેલ છું.

તમે બધાજ એટલે કે ૮ મોડ્યુલ્સ માત્ર રૂ. ૩૦,૦૦૦ માં આખું વર્ષ નિહાળી શકો છો. વધુ માહિતિ માટે મને ૯૩૭૧૦૦૨૯૪૩ પર કોલ કરી શકો છે.

યાદ રાખો મૂડી દુર્લભ છે અને તેનું સન્માન કરવું જરૂરી છે.

હું યાહુ મેલ પર પણ હાજર હોઉં છું, તમે મારો તે પર સંપર્ક કરી શકો છે. મારો યાહુ આઈડી madhavranade1 છે.

| TER POSN TRADING | weekly | DATE | 19th / 23rd sept 2011 | |
|---|---|---|---|---|
| stocks / indices | go | entry | Target | Stoploss |
| BSE SENSEX | short | 16760 | 16620/480/340/200/060 | 16970 |
| | long | 17080 | 17215/450/665/880 | 16970 |
| BSE AUTO | short | 8760 | x | 8840 |
| | long | 8840 | x | 8760 |
| BSE CAP GOODS | short | 11910 | x | 12040 |
| | long | 12160 | x | 12040 |
| BSE FMCG | short | 3905 | x | 3940 |
| | long | 3940 | x | 3905 |
| BSE HEALTHCARE | short | 5955 | x | 5995 |
| | long | 6035 | x | 5995, 3905 |
| BSE METAL | short | 12230 | x | 12315 |
| | long | 12400 | x | 123155955 |
| BSE OIL & GAS | short | 8780 | x | 8910 |
| | long | 8910 | x | 8780 |
| BSE PSU | short | 7760 | x | 7830 |
| | long | 7830 | x | 7760 |
| BSE REALTY | short | 1760 | x | 1785 |
| | long | 1810 | x | 1785 |

## સેન્સેક્સ ૧૬૫૦૦ સુધી વધીને હેડ એન્ડ સોલ્ડર્સ બનાવી ૧૦૫૦૦ સુધી ઘટશે

નમસ્કરા મિત્રો,

દરેક વખતની જેમ સૌ પ્રથમ રાકેશ ઝૂનઝૂનવાલાના પોર્ટફોલિયોના સ્ટોક સ્ટોપલોસ તપાસી લઈએ.

| નામ | સ્ટોપલોસ |
|---|---|
| વીઆઈપી ઈન્ડ. | ૭૮૦ |
| ટાઈટન | ૧૯૨ |
| રાલીસ ઈન્ડિયા | ૧૬૨ |
| લ્યુપીન | ૪૨૦ |
| ક્રિસીલ | ૭૧૦૦ |
| એગ્રોટેક. ફૂડ. | ૩૭૦ |

ગત અંકમાં જણાવ્યા પ્રમાણે બજારમાં ૧૮૫૦૦કર સુધીનો વધારો આવ્યા બાદ સેન્સેક્સ ૧૫૬૦૦ ની નીચે જતા ૧૦૫૦૦ સુધીનો ટાર્ગેટ બતાવી શકે છે.

આવનારા ઉછાળામાં નીચે મુજબના શેરમાં સારી રિકવરી જોવા મળશે. શોર્ટ ટર્મ ઈન્વેસ્ટર્સ આપેલા સ્ટોપલોસથી ડીલીવરી બેઈઝ રોકાણ કરી શકે અને તે સ્ટોપલોસ દર અઠવાડીયે ૬

### પેનિક એન્ડ પ્રોફીટ



**નિશેષ એમ. જાની**
**મો. ૯૩૭૬૮૫૮૨૮૪**

અપડેટ કરીશ જેથી કરીને ઓછી નુકસાની અને વધારે નફો મેળવી શકાય.

નોંધ : સ્ટોપલોસ બંધ ભાવનો છે. એટલે કે કોઈ શેર આપેલ સ્ટોપલોસની નીચે બંધ આ વે તો બીજા દિવસે તેમાંથી નીકળી જવું.

| નામ | સ્ટોપલોસ |
|---|---|
| અરવિંદ | ૭૮ |
| એશિયન પેઈન્ટ | ૩૦૫૨ |
| બાટા | ૬૪૦ |
| ગુજરાત ફ્લોરો | ૪૯૨ |
| આઈજીએલ | ૪૦૭ |
| પેટ્રોનેટ | ૧૬૨ |
| ટાઈટન | ૨૦૪ |
| ટીટીકે પ્રેસ્ટીજ | ૨૫૬૭ |
| વિઆઈપી | |
| એમટેક ઈન્ડિયા | ૧૦૫ |
| લા-ઓપાલ | ૯૭ |
| નેસ્લે | ૪૧૮૮ |
| નીતિન ફાયર | ૧૧૫ |
| નોવાર્ટિસ | ૮૪૦ |
| સુઆવે હોટેલ | ૯૮ |
| વિએસટી ઈન્ડ. | ૧૧૮૫ |
| અજંતા ફાર્મા | ૨૯૯ |

**એસ્ટ્રોલોજી એન્ડ.. પા.નં.૩ નું ચાલુ**

જયતિષિનો સંપર્ક કરવો જોઈએ

ફક્ત ઘટાડાના દિવસે જ ખરીદી કરો.

**આવનાર થોડા સપ્તાહોમાં સોનું** ખૂબ મજબૂત જયોતિષિય સહયોગ મેવવાનું ચાલુ જ રાખશે

જયાં સુધી શેરબજારની જયોતિષિય પરિસ્થિતિ સાનુકૂળ થાય ત્યાં સુધી ચાંદી અને સોનામાં વ્યાપાર કરવાની સલાહ છે. અમોએ સોના અને ચાંદીમાં કન્સલટન્સી સેવાઓ ચાલુ કરેલ છે જ.

ભારતની કુંડળીમાં રાહુના ગ્રહના પ્રતિકૂળ સ્થાનને કારણે ખલેલજનક સમાચારોનો પ્રવાહ ચાલુ જ રહે. હવે તા. ૬ જુન, ૨૦૧૧ થી રાહુનો ગ્રહ ધન રાશીમાંથી વૃશ્ચિક રાશીમાં સ્થળાંતર કરેલ છે તેથી આવનાર ચાર માસ દરમ્યાન સરકારશ્રીની પરિસ્થિતિ કપરી બનશે.

**આગાહી** : જયાં સુધી રાહુનો ગ્રહ વૃશ્ચિક રાશીમાં છે ત્યાં સુધી જમીન, સંપત્તિમાં કાયદાના નિયમોનું ઉલ્લંઘન કરીને કરેલ વ્યવહારો પર તપાસ શરૂ થઈ શકે અને આવી ગેરરીતી બહાર આવી શકે છે.

નવી સંવત ૨૦૬૮ (હિન્દુ નવું વર્ષ) ૪ એપ્રિલ, ૨૦૧૧ થી શરુ થયેલ છે. જયારે પણ નવી સંવત ચાલુ થાય છે, ગ્રહોકીય સ્થાન, જોડાણ અને દ્રષ્ટિને કારણે કેટલાંક નવાં સેકટર સારો દેખાવ કરવા લાગે છે અને ઘણાં સેકટર કે જે ગત સંવતમાં ગતિ દર્શાવતાં હતાં તેઓ ખરાબ દેખાવ કરવાનો ચાલુ રાખે છે.

**શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો**

# ખૂબ જ નબળો ઈસ્યુ, અરજી કરી શકાય નહીં

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

## પ્રકાશ કોન્સ્ટ્રોવેલ લી.

**કંપનીનો પરિચય**

૧૯૯૬માં સ્થપાયેલ પ્રકાશ કન્સ્ટ્રોવેલ લી. એક બાંધકામ કંપની છે જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને સિવીલ કન્સ્ટ્રક્શન સાથે જોડાયેલ છે.

આ કંપની ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, કે જેમાં રોડ, હાઈવે, પુલો, બાંધકામ અને જાવળણી સાથે સંકળાયેલી છે જેમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડેલ, ઔદ્યોગિક પાર્ક, વર્કશોપ, હોસ્પિટલ્સ, એજયુકેશન સંસ્થાઓ સાથે સંકળાયેલી છે. તેમ જ સરકારી સ્ટાફ કવાર્ટર્સ, હોસ્ટેલ બિલ્ડીંગ અને ઓડીટોરીયમના બાંધકામ ક્ષેત્રે પણ કાર્યરત છે તે ઉપરાંત રહેણાંકીય અને વાણિજયિક સંકુલોનું બાંધકામ પણ કરે છે.

આ કંપનીનું હેડકવાર્ટર મહારાષ્ટ્ર ખાતેના નાસિક ખાતે આવેલ છે અને તે મહારાષ્ટ્ર રાજયમાં જ કાર્યરત છે. આ રાજયમાં આ કંપનીએ ઘણા પ્રકારના પ્રોજેકટ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. તેમના ગ્રાહક વતૃળમાં પબ્લિક વર્કસ ડીપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર રાજય, નેશનલ બિલ્ડીંગ કન્સ્ટ્રકશન કોર્પોરેશન, મહારાષ્ટ્ર સ્ટેટ પોલીસ હાઉસીંગ અને વેલ્ફર કોર્પોરેશન, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેકટ્રીસીટી ડીસ્ટ્રીબ્યુશન કું. લી., મહારાષ્ટ્ર સ્ટેટ પાવર જનરેશન કું. લી. અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનો સમાવેશ થાય છે.

**જોખમી પાસું**

- આ કંપની જે ક્ષેત્રમા કાર્ય કરી રહેલ છે તે ક્ષેત્ર ખૂબ જ હરિફાઈ સયુક્ત છે અને તેથી તેમની આવકમાં વધુપડતી વધઘટ રહી હોય છે.
- તેઓનું કાર્યક્ષેત્ર મહારાષ્ટ્ર પુરતું જ મર્યાદીત છે અને મોટા ભાગના કોન્ટ્રાકટ સરકારી સંસ્થાનોના છે જે જોખમી બાબત છે.
- આ ઉદ્યોગ મજૂર અને કર્મચારીઓ આધારિત હોવા છતાં આ કંપનીએ આ અંગે ફરજીયાત રજીસ્ટ્રેશન તેમ જ ઈ એસ આઈ માટે રજીસ્ટ્રેશન કરાવવાનું પણ બાકી છે.
- ઓડીટરોએ છેલ્લા ૫ વર્ષનાં ખાતાં ગુણવત્તાસભર દર્શાવેલ છે.
- પ્રમોટર્સ / પ્રમોટર ગ્રુપ આ જ પ્રકારના ધંધા સાથે સંકળાયેલ છે તેથી આ ધંધાના રસ અંગે પ્રશ્ન ઉભા થાય.
- આ પ્રોજેકટને બેંક અને નાણાકીય સંસ્થાઓ દ્વારા મદદ મળેલ છે.
- આ કંપનીનો છેલલા ૩ વર્ષનો કેશ ફલો નકારાત્મક છે.
- આ કંપનીના શેર પ્રમોટરોને ૦.૫૦ પૈસામાં મળેલ છે.

**કાર્યકારી મૂડીની વાત જ વાહિયાત**

આ ઈસ્યુમાંથી રૂ. ૩૫ કરોડ કાર્યકારી મૂડી તરીકે વાપરવાના છે, આ વાત જ વાહિયાત છે.
ના. વ. ૨૦૧૧માં ખરેખર જે સંપત્તિ હતી તે કરતાં ના. વ. ૨૦૧૨ ની સંપત્તિ ૫૦ ટકા વધારે અંદાજેલ છે. આ સાથે ના. વ. ૨૦૧૧ની સરખામણીમાં નાણાકીય વર્ષ ૨૦૧૨ની નાણાકીય જવાબદારી ખરેખર હોય તે કરતાં ૫૦ ટકા ઓછી દર્શાવેલ છે. આ ખૂબ અસામાન્ય ઘટના છે. હાલની જવાબદારી પણ ઉંચી સપાટીએ અંદાજી શકાય. તેમના ધંધાનો જે રીતે વિકાસ થયો છે તે જોતાં આ કાર્યકારી મૂડીની વાત જ વાહિયાત જણાય છે.

**નાણાકીય વિગતો અને મૂલ્યાંકન**

તા. ૩૧.૩.૨૦૧૧ અંતિત ના. વ. માં આ કંપનીની આવકો રૂ. ૧૨૭ કરોડ અને નફો રૂ. ૧૦.૬૫ કરોડ થયેલ છે તેથી શેરદીઠ આવક રૂ. ૧૨ થયેલી છે. અગાઉના વર્ષની આવકો અને નફા પર નજર કરીએ તો તે અનુક્રે રૂ. ૧૧૭ કરોડ અને રૂ. ૭.૭૦ કરોડ હતી. જયારે શેર દીઠ આવક રે. ૯.૦૯ હતી.

આ કંપની એક નાના કુટુંબ દ્વારા અનપ્રોફેશનલી સંચાલન ધરાવતી કંપની છે. રિઅલ એસ્ટેટ અને બાંધકામ ક્ષેત્ર હાલ ખૂબ જ કઠીન અને પડકારજનક સમયમાંથી પસાર થઈ રહેલ છે. અને આમાં જે ટકી શકે તેવી વાસ્તવિક મૂલ્ય ધરાવતી કંપનીઓ જ શેરબજારમાં મૂલ્ય ધરાવી શકે છે. હાલમાં જ લીસ્ટ થયેલ વાસ્કોન, આર પી પી ઈન્ફ્રા અને મનીન્ફ્રાના શેર તેના ઈસ્યુ ભાવ કરતાં નીચે મળી રહેલ છે. કેર દ્વારા પણ આ કંપનીના ફન્ડામેન્ટલ તેની હરિફ કંપનીઓ કરતાં નબળા દર્શાવેલ છે. ખૂબ જ નબળો ઈસ્યુ, અરજી કરી શકાય નહીં.

### પ્રકાશ કોન્સ્ટ્રોવેલ લી.

**ઈસ્યૂ ખુલવાની તા.૧૯ સપ્ટેમ્બર ૨૦૧૧ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૧**

| | | |
|---|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | | ૪,૩૪૭,૮૨૬ ઈકવીટી |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | | રૂ. ૬૦ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | | રૂ. ૧૩૦ થી રૂ. ૧૩૮ |
| **ઓછામાં ઓછી અરજી** | | **૫૦** (રૂ. ૬૯૦૦ ) |
| **વધારેમાં વધારે અરજી** | | ૭૦૦ શેર( રૂ.૯૬,૬૦૦ રૂ. એક લાખની મર્યાદામાં) ૧૪૦૦ શેર( રૂ. ૧૯૩૨૦૦ બે લાખ મર્યાદામાં) |
| **પ્રમોટર્સ** | | શ્રી પ્રકાશ જે લધ્ધા<br>શ્રીમતી અરૂણા પી લધ્ધા |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | | ૬/૭, ફાલ્કન પ્લાઝા,<br>નેશનલ ઉર્દુ હાઈસ્કૂલ રોડ,<br>સરદાર સર્કલ પાસે, નાસિક ૪૨૨૦૦૧<br>મહારાષ્ટ્ર<br>ફોન : +૯૧ ૨૫૩ ૨૫૯૦૭૨૫<br>ફેકસ : +૯૧ ૨૫૩ ૨૫૯૭૭૨૦ |
| Email | : | info@pclnsk.com |
| Website | : | http://www.pclnsk.com |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | | બીગશેર સર્વિસ (પ્રા) લી.<br>ઈ-૨ અને ૩, અંસા ઈન્ડ. એસ્ટેટ,<br>સાકી વિહાર રોડ,<br>સાકીનાકા, અંધેરી (ઈસ્ટ)<br>મુંબઈ ૪૦૦ ૦૭૨<br>ફોન : +૯૧-૨૨-૪૦૪૩૦૨૦૦<br>ફેકસ : ૯૧-૨૨-૨૮૪૭ ૫૨૦૭ |
| Email | : | ipo@bigshareonline.com |
| Website | : | http://www.bigshareonline.com |
| **ચેક ડ્રોન ઈન ફેવર ઓફ** | | "Escrow Account - PCL Public Issue - R" For Retail Bidders |
| **બુકરનીંગ લીડ મેનેજર** | | ઈન્ટેન્સીવ ફીસ્કેલ સર્વિસ પ્રા. લી. |
| **લીસ્ટીંગ** | | બીએસઈ, એન એસ ઈ |

**શેરની ફાળવણી**

| કયુબીઆઈ | નોન ઇન્સ્ટી | છૂટક | કર્મચારીઓ |
|---|---|---|---|
| ૨,૧૭૩,૯૧૩ | ૬૫૨,૧૭૩ | ૧,૫૨૧,૭૪૦ | ૦ |

**આઈપીઓનો હેતુ**

- કાર્યકારી મૂડીની જરુરિયાત પુરી કરવા
- બાંધકામનાં સાધનોમાં રોકાણ
- રિટેઈલ સ્ટોર્સની સ્થાપના
- ગૌણ કંપનીઓમાં રોકાણ
- બીજાં કોર્પોરેટ કારણો માટે
- આ ઈસ્યુના ખર્ચ માટે

**રેટીંગ**

ક્રેડીટ રેટીંગ કંપની કેર દ્વારા આ કંપનીને ગ્રેડ ૨ ફાળવવામાં આવેલ છે, એટલે કે કેરના મંતવ્ય અનુસાર આ કંપની બીજી આજ પ્રકારની લીસ્ટેડ કંપનીઓની સરખામણીમાં સરેરાશ કરતાં નબળા ફન્ડામેન્ટલ ધરાવે છે.કેર કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે.

# આ ઈસ્યુથી દુર રહેવું હિતાવહ જણાય છે

## આર ડી બી રસાયણ લી.

**કંપનીનો પરિચય**

૧૯૯૫માં સ્થપાયેલ આર ડી બી રસાયણ લી. એક આઈ એસ ઓ ૯૦૦૧:૨૦૦૮ થી પ્રમાણિત કંપની છે જે એફ આઈ બી સી (જમ્બો બેગસ) અને વોવન સેકટ અને જ વિવિધ વોવન પોલીમર આધારિત ઉત્પાદનો જેમ કે કન્ટેઈનર લાઈનર્સ, પ્રોટેકટીવ ઈરીગેશન સિસ્ટમ, કેનાલ લાઈનર વગેરે ના ઉત્પાદન સાથે સંકળાયેલ છે. પી પી સેકસ ખાસ કરીને ફર્ટિલાઈઝર્સ, સિમેન્ટ, પોલીમર્સ, કેમિકલ્સ, ટેક્ષટાઈલ્સ, મશીનરી, ઓટોમોબાઈલ્સ અને સ્ટીલ ઉદ્યોગમાં પેકીંગમાં ઉપયોગમાં લેવામા આવે છે.

આર ડી બી રસાયણ યુ+૨ ની એફ આઈ બી સી, સરકયુલર જમ્બો બેગ્સ, બેફર બેગ્સ, ઓલ પેનલ બેગ્સ, કન્ડકટીવ ઓી આઈ બી સી અને સ્ટેટિક ડીસ્સીપેટિવ એફ આઈ બી સીએસ ઉત્પાદિત કરે છે. વધારામાં એફ આઈ બી સી બીજાં વોવન પ્રોપીલીન ઉત્પાદનો કે જેમાં નાની બેગ્સ, બોક્ષ વોવન બેગ્સ, રુફીંગ અન્ડરલેમેન્ટ ફેબ્રીકસ, કુરિયર બેગ્સ, ગ્રાઉન્ડ કવર્સ,સીલ્ટ ફેન્સ અને જીઓ ટેક્ષટાઈલ્સ પણ ઉત્પાદિત કરે છે. આ કંપની તેની વોવન બેગ્સ અને ફેબ્રીકસ પીપી અને એચડીપી બંનેમાં ઉપલબ્ધ કરાવે છે. તેમનાં ઉત્પાદનો અલ્ટ્રા વાયોલેટ સ્ટેબીલાઈઝડ અને સંકોચન ન થાય તેવાં હોય છે.

**જોખમી પાસું**

- કંપનીની વૃધ્ધિ ભૂતકાળમાં અસંગત હતી.
- તેના વેચાણનો આધાર એકમાત્ર તેમ જ ઘણા જોડા ગ્રાહકો પર છે.
- છેલ્લા પાંચમાંથી ત્રણ વર્ષમાં નકારાત્મક કેશ ફલો છે.
- આ પ્રોજેકટસ ઈકવીટી ફંડણી પૂર્ણ થનાર છે.
- ભૂતકામાં આ કંપનીએ ડીવીડન્ડ આપેલ નથી.
- આ કંપનીના પ્રમોટરો એસ એલ ડુગરને રૂ. ૨.૫૦ માં, વિનોદ ડુગર ને રૂ. ૦.૭૮ માં અને શીતલ ડુગરને રૂ.૦.૭૬માં શેર આપવામાં આવેલ છે.
- ખૂબ ઓછા નફા સાથેનું ઉચ્ચતમ હરિફાઈયુક્ત સેગમેન્ટ
- તેના કાચામાલના ભાવમાં વધારે વધઘટ થતી હોય છે જે મુજબ કંપની માલ આપવામાં મુશ્કેલી અનુભવે છે.
- ખાસ નિયંત્રિત ઉદ્યોગ ખાસ કરીને ફૂડ ગ્રેડ ઉત્પાદનો માટે
- આ પ્રમોટર અને ગ્રુપ કંપનીઓ સામે સામે દેવા અંગેના ઘણા દાવા ચાલી રહેલ છે. એટલે કે લગભગ ૧૫૦ કરોડના દાવા છે.
- છેલ્લા ૩ વર્ષમાં ૨૮ ગ્રુપ કંપનીઓને નુકશાન કરેલ છે.
- બ્રીકવર્કસ દ્વારા તેને ગ્રેડ ૨ આપવામાં આવેલ છે જે ક્રીસીલના ગ્રેડ-૧ બરાબર છે.

**નાણાકીય વિગતો અને મૂલ્યાંકન**

છેલ્લા એક જ વૃષમાં આ કંપનીની આવકમાં લગભગ ૬૦ ટકા જેવો અને નફામાં તો બે ગણા કરતાં પણ વધુ વૃધ્ધિ થયેલી જણાય છે આમ છતાં શેર દીઠ આવક ઘટેલ છે.

આ કંપનીની ઈસ્યુ પછીની ઈકવીટી ૧૭.૭૧ કરોડ થશે તે પર શેરદીઠ રૂ. ૫ ની આવક કરવા માટે કંપનીએ રૂ. ૮.૮૫ કરોડનો નફો કરવો જોઈએ. કંપનીનો ટ્રેકરેકર્ડ જોતાં આ બાબત અશકય જણાય છે. આ એક કુટુંબ દ્વારા કરવામાં આવતો બિઝનેસ છે અને આ ક્ષેત્રમાં ખૂબ નાના ખેલાડી.

હાલના પ્રાઈઝબેન્ડ ૭૨-૭૯ મુજબ આ ઈસ્યુ ૫૦ ના પીઈ રેશિયોથી મળી રહેલ છે.

આ ઈસ્યુનું સંચાલન ચાર્ટર્ડ કેપિટલ દ્વારા કરવામાં આવી રહેલ છે કે જેમણે અગાઉ ગત વર્ષે જીસ્કોલ એલોટસ આઈપીઓ સંચાલિત કર્યો હતો. હાલમાં આ કંપનીના ઈસ્યુ ભાવ ૭૧ સામે આ કંપનીનો શેર રૂ. ૧૧ ની આસપાસ વેચાઈ રહેલ છે. તેમનો બીજો ઈસ્યુ કે જેમાં પણ બુક રનીંગ લીડ મેનેજર હતા તે છે સીન્કોમ હેલ્થ અને સી ટીવી. ટૂંકમાં આ આઈપીઓથી દૂર રહેવું હિતાવહ.

**નાણાકીય વિગત (રૂ. કરોડમાં)**

| | ૩૧-૦૩-૦૯ | ૩૧-૦૩-૧૦ | ૩૧-૦૩-૧૧ |
|---|---|---|---|
| **કુલ આવક (વેચાણ)** | ૩૦.૬૧ | ૨૮.૪૭ | ૪૬.૧૩ |
| **ચોખ્ખો નફો** | ૧.૯૫ | ૦.૭૮ | ૧.૮૦ |
| **શેર દીઠ આવક (રૂ.)** | ૪.૨૯ | ૧.૮૫ | ૧.૪૦ |

### આર ડી બી રસાયણ લી.

**ઈસ્યૂ ખુલવાની તા.૨૧ સપ્ટેમ્બર ૨૦૧૧ થી ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૧**

| | | |
|---|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | | ૪,૫૦૦,૦૦૦ ઈકવીટી |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | | રૂ. ૩૨.૪૦ - ૩૫.૫૫ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | | રૂ. ૭૨ થી રૂ. ૭૯ |
| **ઓછામાં ઓછી અરજી** | | **૮૦** (રૂ. ૬૩૨૦ ) |
| **વધારેમાં વધારે અરજી** | | ૧૨૦૦ શેર( રૂ.૯૪૮૦૦ રૂ. એક લાખની મર્યાદામાં) ૨૪૮૦ શેર( રૂ. ૧૯૫૯૨૦ બે લાખ મર્યાદામાં) |
| **પ્રમોટર્સ** | | શ્રી સુંદરલાલ ડુગર<br>શ્રી વિનોદ ડુગર<br>શ્રીમતી શીતલ ડુગર |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | | બીકાનેર બિલ્ડીંગ,<br>પ્રથમ માળ, સુટ નં. ૧૦, ૮/૧,<br>લાલ બજાર સ્ટ્રીટ, કલકત્તા.<br>ફોન : ૯૧-૩૩-૨૨૩૦ ૫૬૬૬<br>ફેકસ : +૯૧-૩૩-૨૨૪૨ ૦૫૮૮ |
| Email | : | ipo@rdbgroup.in |
| Website | : | http://www.rdbgroup.in |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | | લીંક ટાઈમ ઈન્ડિયા (પ્રા) લી.<br>સી-૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ,<br>એલ બી એસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ,<br>મુંબઈ ૪૦૦ ૦૭૮<br>ફોન : +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮<br>ફેકસ : +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |
| Email | : | rdb.ipo@linkintime.co.in |
| Website | : | http://www.linkintime.co.in |
| **બુકરનીંગ લીડ મેનેજર** | | ચાર્ટર્ડ કેપિટલ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ લી. |
| **લીસ્ટીંગ** | | બીએસઈ, એન એસ ઈ |

**આઈપીઓનો હેતુ**

- ઉત્પાદન યુનિટ ૨ ખાતે ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૭૪૫૦ મે. ટન કરવા માટે વિસ્તૃતિકરણના ખર્ચને પહોંચી વળા
- બીજાં કોર્પોરેટ કારણો માટે
- આ ઈસ્યુના ખર્ચ માટે

**રેટીંગ**

ક્રેડીટ રેટીંગ કંપની બ્રીક વર્ક દ્વારા આ કંપનીને ગ્રેડ ૨ ફાળવવામાં આવેલ છે, એટલે કે બ્રીક વર્કના મંતવ્ય અનુસાર આ કંપની બીજી આજ પ્રકારની લીસ્ટેડ કંપનીઓની સરખામણીમાં સરેરાશ કરતાં નબળા ફન્ડામેન્ટલ ધરાવે છે.બ્રીક વર્ક કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે.

# પ્રાયમરી માર્કેટના તાણા-વાણા

### પી જી ઈલેકટ્રોપ્લાસ્ટના આઈ પીઓને મળેલ સામાન્ય પ્રતિભાવ

પી જી ઈલેકટ્રોપાસ્ટનો આઈપીઓ ભરણા માટે તા. ૭.૯.૨૦૧૧ થી તા. ૧૨.૯.૨૦૧૧ સુધી ખુલ્લો મુકવામાં આવેલ હતો અને તે તેના બંધ થવાના અંતિમ દિવસ સુધીમાં તેની ઈસ્યુ સાઈઝ ૫૭,૪૫,૦૦૦ શેર સામે ૭૭,૦૩,૩૪૦ શેર માટેની બીડ મેળવી શકેલ હતો અને આમ આ ઈસ્યુ બંધ થયો ત્યાં સુધીમાં ૧.૩૪ ગણો ભરાઈ જવા પામેલ છે. આ બીડમાં કવોલીફાઈડ ઈન્સ્ટીટયુશનલ બાયર્સનો હિસ્સો ૦.૯૮ ટકા, બિન સંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો ૧.૮૪ ટકા જયારે નાના રોકાણકારોનો હિસ્સો ૧.૬૪ ટકા જેટલો ભરાયેલ છે.

### તક્ષીલ સોલ્યુશન લી. નો આઈપીઓ તા. ૨૯ સપ્ટેમ્બરે

તક્ષીલ સોલ્યુશન લી. તેનો રૂ. ૧૦ નો એક એવા ૫૫,૦૦,૦૦૦ ઈકવીટી શેર સાથેના આઈપીઓ તા. ૨૯મી સપ્ટેમ્બર થી તા. ૪ ઓકટોબર, ૨૦૧૧ સુધી મૂડી બજારમાં પ્રવેશી રહેલ છે. આ શેર બી એસ ઈ અને એન એસ ઈ પર લીસ્ટ થનાર છે. હાલમાં આ લખાય છે ત્યાં સુધી આ ઈસ્યુનું પ્રાઈઝબેન્ડ નક્કી થયેલ નથી.

તક્ષીલ સોલ્યુશન લી. એક આઈટી સોલ્યુશન કંપની છે જે ફાઈનાન્સિઅલ સર્વિસ ઈન્ડસ્ટ્રી, ઈન્ફરમેશન ટેકનોલોજી અને ટેલીકોમને સેવાઓ પુરી પાડે છે. આ કંપની હૈદરાબાદ ખાતે હેડકવાર્ટર ધરાવે છે અને એક ઓફીસ ઉત્તર અમેરીકા ખાતે પણ ધરાવે છે જે દ્વારા વૈશ્વિક સ્તરે રહેલ ગ્રાહકોને પ્રોફેશનલ આઈ ટી સેવાઓ પુરી પાડે છે. આ ઉપરાંત આ કંપની વેલ્થ મેનેજમેન્ટ ટેકનોલોજી સોલ્યુશન, ટેલીકોમ સોલ્યુશન, બીઝનેસ ઈન્ટેલીજન્સ,ડેટા વેરહાઉસીંગ, એપ્લીકેશન ડેવલપમેન્ટ અને એપ્લીકેશન મેઈન્ટેનન્સ વગેરે સેવાઓ પણ પુરી પાડે છે. મેરીલ લીન્ચ અને બેંક ઓફ બરોડાનો તેમના ગ્રાહક વતૃળમાં સમાવેશ થાય છે.

### તીજરીયા પોલીપાઈપ્સ લી. નો આઈપીઓ તા. ૨૭ સપ્ટેમ્બરે

૨૦૦૬ની સાલમાં સ્થપાયેલી,પ્લાસ્ટિક પાઈપ્સના વ્યવસાય સાથે સંકળાયેલ, આઈ એસ ઓ ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત તીજોરીયા પોલીપાઈપ્સ લી. તેનો રૂ. ૧૦ નો એક એવા ૧,૦૦,૦૦,૦૦૦ શેર સાથે રૂ. ૬૦ કરોડનું ફંડ એકત્રિત કરવાના હેતુથી તા. ૨૭ થી ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૧ સુધી પોતાનો આઈપીઓ ભરણા માટે ખુલ્લો મુકશે. આ કંપનીના શેર બી એસ ઈ અને એન એસ ઈ પર લીસ્ટ કરવાની દરખાસ્ત છે.

### સરકાર હિન્દુસ્તાન એરોનોટિકસમાં ૧૦ ટકા શેર ડીવેસ્ટ કરશે

સરકારશ્રી નવરત્ન સ્ટેટસ ધરાવતી પી એસ યુ હિન્દુસ્તાન એરોનોટિકસમાં ૧૦ ટકા ડીવેસ્ટ કરવા માટે આયોજન કરી રહેલ છે. આ કંપની એરક્રાફટ, હેલીકોપ્ટર્સ, નેવીગેશન અને તેને આનુસંગિક સંદેશાવ્યવહારનાં સાધનોના ઉત્પાદન સાથે સંકળાયેલ છે.

### ઓ એન જી સી નો એફપીઓ ફરી એક વાર મુલતવી

અગાઉ ઓ એન જી સી નો એફપીઓ તા. ૨૩ સપ્ટેમ્બરે જાહેર ભરણા માટે ખુલનાર હતો પરંતુ સરકારશ્રીએ હાલમાં આ એફ પી ઓ મોકૂફ રાખવા માટેનો નિર્ણય લીધેલ છે. આ અંગે ઓ એન જી સી એ સ્ટોક એક્ષચેંજને એક નોટિસ મોકલીને જણાવેલ છે કે આ એફ પી ઓ માં શેર વેચનાર શેરલહોલ્ડરોએ એવો નિર્ણય કરેલ છે કે તેઓ તેમના શેર વેચવા અંગેના નિર્ણયનું પુનઃ મુલ્યાંકન કરવા માગે છે. જો કે ઈકોનોમિક એફેર્સના સેક્રેટરી આ ગોપાલને જણાવેલ છેકે આ એફ પી ઓ હાલમાં થોડા સમય માટે સ્થગિત કરવામાં આવેલ છે,

શ્રી ગોપાલન ના. વ. ૧૨ ના ૪૦૦૦૦ કરોડના ડીવેસ્ટના લક્ષાંકને સાધ્ય કરી શકાશે તેવો વિશ્વાસ ધરાવે છે. જો કે તેઓએ વધુમાં એમ પણ જણાવેલ છે કે હાલમાં જયારે બજારમાં ભારે વધઘટ થતી હોય ત્યારે અમે ડીવેસ્ટમેન્ટ કરી શકીએ નહીં.

સરકારશ્રીએ હાલમાં જ પેટ્રોલના ભાવમાં રૂ. ૩.૧૪ ની વૃધ્ધિ કરેલ છે. જે આ શેરના ભાવને ઉંચકયા હતા કારણ કે આગળ ઉપર ગૌણ કંપનીઓનું શેરીંગ બર્ડન ઓછું થાય તેમ છે.

### એસ આર એસ લીસ્ટીંગના દિવસે જ ૩૦ ટકા ઘટયો

સિનેમા એકઝીબીશનના વ્યવસાય સાથે સંકળાયેલ કંપની એસ આર એસ ના શેર શુક્રવારે એટલે કે લીસ્ટીંગના દિવસે જ લગભગ ૩૦ ટકા જેટલા ગબડયા હતા. રૂ. ૬૮ના ભાવે આવેલ આઈપીઓનો આ શેર રૂ. ૪૦.૪૦ની સપાટીએ બંધ આવેલ અને આ રીતે તે ઈસ્યુ પ્રાઈઝ કરતાં ૩૦.૩૪ ટકા નીચે આવેલ છે. આ કંપનીએ હાલમાં તો રોકાણકારોને નિરાશ કરેલ છે.

### બીરલા રિસર્ચનું રૂ. ૭૫ કરોડનો આપીઓ લાવવા માટે આયોજન

ટશ બીરલા ગ્રુપની કંપની બીરલા રિસર્ચ અને લાઈફ સાયન્સ આઈપો દ્વારા રૂ. ૭૫ કરોડ એકત્રિત કરવા માટે આયોજન કરી રહેલ છે જે દ્વારા તેઓ વિસ્તૃતિકરણ હાથ ધરવા માગે છે. આ માટે આ કંપનીએ સેબી સમક્ષ ડી આર એચ પી દાખલ કરીને દરખાસત કરેલ છે.

આ કંપની આયુર્વેદિક દવાઓ, ન્યુટ્રલ સ્કીન અને હેર કેર ઉત્પાદનો, હેલ્થ ફૂડસ અને સ્પા સર્વિસ સાથે જોડાયેલી છે. તે ત્રણ નામે ધંધો કરે છે. બીરલા વેદા, રેબીર્થ અને બીરલા કેરાલા વૈદ્યશાળા

અરીહંત કેપિટલ માર્કેટ લી. આ ઈસ્યુના બુક રનીંગ લીડ મેનેજર તરીકે કાર્ય કરશે.

(અનુસંધાન ૫ પાને)

# ૧૭૪૭૩ / ૫૨૦૦ ઉપર બંધ ના આવે ત્યાં સુધી બજારનો મેજર ટ્રેન્ડ નેગેટિવ જ માનવો

**સેન્સેક્સ / નિફ્ટી**
**૧૬૯૩૩.૮૩ / ૫૦૮૪.૨૫**

પ્રિય વાંચક મિત્રો,

લગભગ છેલ્લા ત્રણ સપ્તાહની ચાલનો અભ્યાસ કરતા ત્રણે ત્રણ સપ્તાહ દરમ્યાન સપ્તાહની શરુઆત નરમ ટોને થયા બાદ સપ્તાહની મધ્યમાં બુધ-ગુરુ વાર તેજી બાદ શુક્રવારે ફરીને બજાર નબળું બંધ આપી રહેલ છે. જે મોટાભાગના (સો-કોલ્ડ) કહેવાતા ટેકનીકલ એનાલિસ્ટોના ધ્યાનમાં નથી આવતું એવું અમારું અનુમાન છે.

ડેઈલી ચાર્ટ સ્પષ્ટ પણે ઓફલોડીંગ પેટર્ન એટલે કે ડીસ્ટ્રીબ્યુશનની પેટર્ન બતાવે છે. જ્યારે ટી.વી. તેમજ મોટી

**સો વાતની એક વાત કે ૨૦૧૪ પહેલાં ૧૨૦૦૦ / ૩૬૦૦ નિશ્ચિત છે માટે સારા ઉછાળે સ્ક્રિપ્ટ સ્પેસિફીક વેચવું જોઈએ**

મોટી ફાયનાન્શિયલ પેપરની સાઈટ અને પેપર આર્ટીકલ કોન્સોલીડેશનની વાત કરે છે.

અત્યાર સુધી યુરોપ તેમજ વિશ્વના અન્ય દેશો મુશ્કેલીનો સામનો કરતા હતા તો આપણે તેમનાથી કેટલો સમય અલગ ચાલી શકીએ ?



જે રીતે પેટ્રોલિયમ પ્રોડક્ટના ભાવો વધી રહ્યા છે અને રૂપિયો નબળો પડી રહ્યો છે. તે જોતાં ગમે તે પક્ષની સરકાર હોય પેટ્રોલનો ભાવ વધારો કરતા કરતા ૧૦૦નો ભાવ લાવી દેશે. આનો ઉપાય શો ? કોઈપણ પક્ષની સરકાર આ ભાવ વધારો કાબૂમાં લાવી ના શકે. એ માટે તો આપણે પ્રજાએ સરકાર માટે નહીં પણ આપણા પોતાના માટે આપણી આદતો બદલવી પડે. તેના ઉપાયો આ મુજબ છે.

(૧) પેટ્રોલ - ડીઝલનો વપરાશ ઘટાડવો પડે. એક જ જગ્યાએ જવા માટે એક જ ઘરની ત્રણ ત્રણ વ્યક્તિઓ અલગ અલગ ગાડી વાપરતી જોવા મળે છે. તેના ઉપર કાબૂ મુકવો જોઈએ.

**માર્વેલસ રિસર્ચ**
**લલીતભાઈ શાહ**
**મો. ૯૮૨૫૦૫૬૩૯૬**

(૨) પાન - માવા ખાવા જવા માટે પણ મોટાભાગના શ્રીમંતો મોંઘી દાટ ૭-૮ કેએમપીએલવાળી ગાડી લઈને જાય છે તેમાં વળી આવા લોકો જ ગાડીમાં બેઠાં બેઠા મોંઘવારીના બૂમ બરાડા પાડે છે. શું ૧૦૦ ટકા કરપ્ટ માણસોએ બીજા વિરોધમાં બોલવાનો હક છે ?

હાલની પરિસ્થિતિ આપણે વળી સાયકલ યુગમાં લાવી મુકશે. જે લોકોને અને રાષ્ટ્રની સુખાકારી સુધારી દેશે.

બાકી મોંઘવારીથી પિડીત દેશની પ્રજાને વર્તમાન યુપીએ સરકારના બોલ્ડ સ્ટેપ્સ દેખાતા જ નથી અને બધાં જ વિરોધની રાજનીતિ તેમાં ચેનલોવાળા ટીઆરપીની બળતરામાં લોકાના આક્રોશમાં ઘી હોમે છે. બાકી મિડીયા-પ્રેસનું કામ પ્રજાને ગેરમાર્ગે દોરવાનું ન હોવું જોઈએ. પણ સત્ય હકીકત પ્રજા અને વાંચકો સામે લાવી મુકવી જોઈએ. અમથી એને "પાંચમી જાગીરનો ખીતાબ" નથી મળ્યો. બાકી મિડીયા ધારે તો દિવસે પણ અમાસની રાત કરી શકે છે. ભલભલી સૂર્ય જેવી તાકાતને પણ ગ્રહણ લગાડી શકે છે.

**બુઢ્ઢા હોગા તેરા બાપ ગુજરાતીમાં**

**હમ જહાં ખડેરહ જાતે હૈ, વહીં સે લાઈન શુરૂ હો જાતી હૈ।**

મુખ્ય કલાકારો નરેન્દ્રભાઈ, એલ.કે.જી., સુષ્માજી, અરુણજી, શરદ, નિતીષ કુમાર, એમ. અબ્બાસજી, શાહનવાઝજી, આનંદીજી, સ્મૃતિજી (ક્રમો)

હવે જોઈશું આપણે સપ્તાહ દરમ્યાન બંને ઈન્ડેક્ષોની ગતિવિધિ. પૂર્ણ થયેલ સપ્તાહ દરમ્યાન ૭૪૭.૮૬ / ૨૩૨.૧૦ પોઈન્ટની રેન્જ બાદ સાપ્તાહિક ઓપનથી +૨૬૫.૫૮ / + ૧૦૨.૫૫ પ્લસ અને આગલા સાપ્તાહિક બંધ કરતા + ૬૬.૮૬ / + ૨૪.૮૦ નો પોઝીટીવ ક્લોઝ આપેલ છે.

આવતા સપ્તાહમાં બંને ઈન્ડેક્ષોના સપોર્ટ અને રેજીસ્ટન્સ જોઈ લઈએ.

**સાપ્તાહિક સપોર્ટ**
**સેન્સેક્સ / નિફ્ટી**

(૧) ૧૬૮૭૬ / ૫૦૬૨
(૨) ૧૬૮૩૮ / ૫૦૨૨
(૩) ૧૬૭૩૧ / ૫૦૧૪
(૪) ૧૬૭૧૫ / ૪૯૯૯
(૫) ૧૬૫૯૦ / ૪૯૮૨
(૬) ૧૬૦૬૬★★ / ૪૯૭૭
(૭) ૧૬૦૧૧ / ૪૮૫૩
(૮) ૧૫૯૩૦ ૪૮૨૦ ★★

**૧૮૪૭૬ / ૫૫૪૫ ઉપરનો ક્લોઝ બજારની રુખ મંદીમાંથી સાઈડ વેવ એટલે કે ઓફ લોડીંગ પેટર્ન બનાવે**

**સાપ્તાહિક રેજીસ્ટન્સ**
**સેન્સેક્સ / નિફ્ટી**

(૧) ૧૬૯૬૩ / ૫૧૧૦
(૨) ૧૭૦૪૭ / ૫૧૨૩
(૩) ૧૭૧૯૦ / ૫૧૪૩
(૪) ૧૭૨૧૧ / ૫૧૬૧
(૫) ૧૭૨૫૦ / ૫૧૬૯
(૬) ૧૭૪૭૩★ / ૫૧૮૦
(૭) ૧૭૪૯૪ / ૫૨૦૦★
(૮) ૧૭૯૨૬ / ૫૨૫૫
(૯) ૧૮૦૬૦ / ૫૩૩૫
(૧૦) ૧૮૪૬૪ / ૫૩૮૨
(૧૧) ૧૮૪૭૬★★ / ૫૫૪૭★★

અત્રે આપેલ ★ વાળા અને ★★ વાળા લેવલો બજાર માટે અતિ મહત્ત્વના લેવલો છે. બાકી ડેઈલી ચાર્ટ ઉપર સ્પષ્ટ સંકેતો ભયંકર વોલેટાલીટી સુચવે છે. જેમાં ૧૬૦૫૦ / ૪૮૦૦ તૂટે તો બજારમાં પેનિક જોવા મળે. તો ૧૬૯૭૦ / ૫૧૧૦ તાકાતથી ક્રોસ કરી ૧૭૪૮૦ / ૫૨૨૫ ઉપર બજારમાં ૧૮૪૭૬ / ૫૫૪૭ે ટેસ્ટ કરવાની શક્યતા ઉભી થાય.

**જીન્દાલ સ્ટીલ એન્ડ પાવર**
**(૫૪૪.૦૫)**

૫૩૨ના ટેકાને ધ્યાનમાં લઈ ઉપરમાં ૬૦૫/૬૬૦ના ધ્યાને લોંગ થવાય. સ્ટોપલોસ ૫૨૩નો રાખો.

**લ્યુપિન લિ. (૪૭૯.૪૦)**

૪૭૪ના ટેકાનો ધ્યાને લઈ તેજી કરાય ઉપરમાં ૫૨૦-૫૬૦નો ભાવ જોવા મળે.

**ફાઈનાન્શિયલ ટેકનોલોજી**
**(૮૬૧.૧૫)**

૮૧૨ના ટેકાને ધ્યાનમાં રાખી તેજી કરો. ૯૩૦નો ટાર્ગેટ ધ્યાને લો.

**ડંકન ઈન્ડ. (૧૧.૧૨)**

૧૦.૯૫ના ટેકાને ધ્યાને લઈ ૧૨.૫૦ ક્રોસ થતાં ૨૫ના ઝડપી ભાવની ગણત્રી છે. કંપની અમારા મતે ભવિષ્યનો ડાર્ક હોર્સ મિન્સ ધૂપે રુસ્તમ જેવો શેર છે.

**ગોવિંદ રબ્બર (૧૧.૩૨)**

૧૧.૨૦ના ટેકાને ધ્યાનમાં લઈને ઉપરમાં ૧૮.૨૦નો ટાર્ગેટ છે.

**ચિમનલાલ સેઠીયા (૩૦.૫૫)**

૩૦.૩૦ના ટેકાના ભાવે લોંગ થવાય. ૪૦ થી ૫૪ નો ટાર્ગેટ છે. બધા જ કારણો પોઝીટીવ છે.

## બેંકોને ડોલર ઉધાર આપવા માટે ઈસીબીના ફેડને સહયોગથી સોનું લથડયું

યુરોપિયન સેન્ટ્રલો બેંક અને ઈન્ટરનેશનલ પોલીસી મેકર્સ યુરો પ્રદેશની નાણાકીય સંસ્થાઓને ડોલર આપવા સંમત થતાં સોનામાં સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો જોવા મળેલ છે.

સોનામાં તાત્કાલીક ડીલીવરીમાં ૧.૫ ટકા એટલે કે એક ઔસના ૧,૭૬૨.૬૮ અમેરિક ડોલર સુધી ઘટેલ હતા જે અગષ્ટ ૨૬ પછી સૌથી નીચી સપાટી છે, મેલબોર્નમાં સોનાના ભાવ ૧,૭૭૦.૬૫ડોલર હતા. આ સપ્તાહે ધાતુમાં ૪.૬ ટકાનો ઘટાડો નોંધાયો છે જે ફેબ્રુઆરી ૨૦૦૭ પછી સૌથી વધુ ઘટાડો છે. ડીસેમ્બર ડીલીવરી સોનું પણ ૦.૬ ટકા ઘટીને ૧,૭૭૦.૯૦ ડોલર થયેલ છે.

ઈસીબીએ ફેડરલ રિઝર્વ બેંક સાથેના તેના સહયોગ અંગે જણાવેલ છે કે ધી બેંક ઓફ ઈગ્લેન્ડ, બેંક ઓફ જાપાન અને સ્વીસ નેશનલ બેંક યુરો એરિયાની બેંકોની લોનમાં ત્રણ માસની લોનમાં વધારો કરશે કે જેથી તેઓ પાસે બાકીના વર્ષ દરમ્યાન પુરતી નાણાકીય પ્રવાહિતા રહે. ફ્રાન્સ અને જર્મનીના આગેવાનોએ આ સપ્તાહે એ વાતને પુષ્ટી આપેલ છે કે તેઓ ગ્રીસને નાણાકીય સહાય કરવાનું ચાલુ જ રાખશે.

ડેવીડ લેનોક્ષ, રીસોર્સ એનાલીસ્ટ, ફેટઊ પ્રોફેટ, સીડનીએ જણાવેલ છે કે અમે આ બાબતે શું બની રહ્યું છે તે પર



નજર રાખવાનું શરૂ કરેલ છે અને અમે આ માટે કેટલાક સલામત રસ્તા શોધવાનું પણ ચાલુ કરેલ છે.

વૈશ્વિક દેવાની કટોકટી ખરાબ થવાની ચિંતા અને માંગમાં ઘટાડો છતાં છેલ્લા ૧૧ વર્ષમાં સોના બજારમાં સોનું આ વર્ષે૨૪ ટકા વૃધ્ધિ પામેલ છે. સપ્ટેમ્બર ૬ના રોજ આ ધાતુ ૧,૯૨૧.૧૫ ડ.ોલરના રેકર્ડ ભાવે હતી.



| MARVELLOUS SMS CLUB MEMBERSHIP | | | |
|---|---|---|---|
| PERIOD | EQUITY FEES (In Rs.) | F&O FEES (In Rs.) | COMBO FEES (In Rs.) |
| 1 Month | 10000 | 30000 | 35000 |
| 6 Month | 50000 | 150000 | 175000 |
| 12 Month | 90000 | 270000 | 315000 |
| Trail Pack 1 week | 3000 | 9000 | 11000 |

**Marvellous Global, Inc.**
Contact : Mr. LALIT SHAH
Mobile : 098250 56396

**રૂબરૂ મુલાકાત માટે ફોન કરીને આવવું.**


**ભારતે બેંચમાર્ક દરમાં વધારો કર્યો**

**સુબ્બારાવે બ્રીક અર્થતંત્ર સાથે રેન્ક તોડી**

માર્ચ ૨૦૧૦ થી અત્યારસુધીમાંભારતીય રિઝર્વ બેંકે ૧૨મી વખત વ્યાજદરમાં વૃધ્ધિ કરેલ છે અને બ્રીક રાજયો કે જેઓ વૈશ્વિક રિકવરીની અસ્થિરતા સામે દેવાના ખર્ચને ઘટાડે છે અથવા તો સુનિયોજિત કરે છે તે રેન્ક તોડી નાખી છે એમ કહી શકાય.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપોરેટ ૮ ટકામાંથી વધારીને ૮.૨૫ ટકા કરેલ છે એવું કહેવામાં આવેલ છે કે બ્લુમબર્ગ ન્યુઝ સર્વેના ૧૭ અર્થશાસ્ત્રીઓમાંથી ૧૪ અર્થશાસ્ત્રીઓએ આ નિર્ણય માટેની આગાહી કરેલ હતી, અને ત્રણ એમ માનતા હતા કે આ માટે કોઈ શકયતાઓ નથી.

આર બી આઈના ગવર્નર ડુવ્વુરી સુબ્બારાવ બ્રાઝીલ અને રશિયાથી ઉલટા ચાલ્યા છે કે જેઓએ ગત માસે વ્યાજદરમાં ઘટાડો કરેલ છે, જયારે ચીને જુલાઈની શરુઆતથી વ્યાજદર વૃધ્ધિને અટકાવી દીધી છે. ખાદ્ય પદાર્થો અને બળતણનો ઉંચો ભાવ અને રૂપિયામાં નબળાઈ ફૂગાવાના દરને ૯ ટકા જેટલો રાખી શકે જે આંકડો છેલ્લા ૯ માસના ફૂગાવામાં દરેક માસ કરતાં મોટો છે.

આ નિર્ણય સ્પષ્ટરીતે એ બાબત તરફ અંગુલી નિર્દેશ કરે છે કે આરબી આઈની ટોચની અગ્રીમતા વૈશ્વિક ઉથલ પાથલ વિષે ચિંતા હોવા છતાં ફૂગાવાને નાથવાની છે તેવું ઈન્દ્રાનીલ સેનગુપ્તા, મુંબઈ સ્થિત અમેરિકા રોપોરેશનના ઉભરતા અર્થશાસ્ત્રીએ જણાવેલ છે. તાજેતરમાં જ થયેલ પેટ્રોલના ભાવ વધારાને કારણે અને રૂપિયાની કિંમતમાં ઘટાડો થવાને કારણે ફૂગાવાના દર ઉપર દબાણ તો રહેશે જ.

એપ્રિલ ૨૦૨૧માં ડ્યુ થતા ૭.૮ ટકાના બોન્ડની ઉપજ ચાર બેઝીક પોઈન્ટ અથવા તો ૦.૦૪ ટકા વધી અને શુક્રવારે સાંજે ૮.૩૬ ટકા થઈ જે ૬ માસની ઉંચી સપાટી છે. મુંબઈ શેરબજારનો સેન્સેટિવ ઈન્ડેક્ષ ૦.૩ ટકા વધ્યો અને રૂપિયો પણ ૦.૬ ટકા આગળ વધી ડોલર સામે ૪૭.૨૬૫ થયો.

**નબળો રૂપિયો**



ભારતીય રૂપિયો આ ત્રિમાસિક ગાળામાં ૫.૪ ટકા જેટલો ઘટયો છે જે એશિયામાં સૌથી ખરાબ રીતે પછડાયો છે,કારણ કે વૈશ્વિક અર્થતંત્ર નબળું પડતું હોવાને કારણે રોકાણકારો ઉભરતાં બજારોથી વેગળા થયા છે.

ભારતમાં વ્યાપ્ત ફૂગાવો બ્રીક દેશોમાં સૌથી ઉંચી સપાટી છે જે ઓગષ્ટ માસ સુધીના ૧૩ માસમાં ૯.૭૮ ટકા રહેલ હતો.

વર્ષની શરુઆતથી ગત માસ સુધી કન્ઝ્યુમર પ્રાઈઝ બ્રાઝીલમાં ૭.૨ ટકા, રશિયામાં ૮.૨ ટકા અને ચીનમાં ૬.૨ ટકા વધી હતી. દક્ષિણ આફ્રિકામાં તે જુલાઈમાં ૫.૩ ટકાની સપાટીએ હતી.

ફૂગાવો સામાન્ય રીતે રિઝર્વબેંકના સુવિધાક્ષેત્ર કરતાં ઉંચો રહેલ છે. સેન્ટ્રલ બેંક દ્વારા એવું વિધાન કરવામાં આવેલ છે કે એક સમયપૂર્વ નિતિવિષયક પરિવર્તન અગાઉની નીતિ વિષયક નિર્ણયોનો પ્રભાવ ઓછો કરે છે અને ફૂગાવાની અપેક્ષા વધારે રહે છે. તેથી એ જરુરી છે કે વર્તમાન ફૂગાવા વિરોધી નીતિ ચાલુ જ રહે.



૨૦૧૦ના માર્ચના મધ્યથી સુબ્બારાવે વ્યાજદરમાં કુલ ૩૫૦ બેઝીક પોઈની વૃધ્ધિ કરેલ છે. જે રિઝર્વબેંક ૧૯૩૫ માં સ્થપાઈ ત્યારથી ખૂબ વધારે ઝડપી બનેલ છે તેમ બ્લુમબર્ગ જણાવી રહેલ છે.

**આરામદાયક ફૂગાવો**

નાણાં મંત્રીશ્રી પ્રણવ મુખરજીએ એક ઈ મેલમાં જણાવેલ છે કે જયારે વર્ષના ઉત્તરાર્ધમાં વિકાસ દર ઉપર જઈ રહેલ છે ત્યારે આ જે પગલાં લેવામાં આવેલ પગલાંથી ફૂગાવાની સ્થિતિ પહેલાં કરતાં વધુ આરામદાયક હશે.

ભારતમાં ખરીદ શક્તિને રક્ષવા માટે અને વિકાસ દરને જાળવી રાખવા માટે ફૂગાવાને કાબૂમાં રાખવાની જરૂર છે, તેમ આર બી આઈએ જણાવેલ છે.

ગત વર્ષના જુન ૩૦ અંતિત ત્રિમાસીક ગાળામાં ૧.૭ ટ્રીલીયન ડોલરના અર્થતંત્રનો ૭.૭ ટકા વિકાસ થયેલ છે જે ૨૦૦૯ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં સૌથી ધીમો છે. પ્રથમ ત્રણ માસમાં ઘરેલુ ઉત્પાદનમાં કુલ ૭.૮ ટકા વૃધ્ધિ થયેલ છે.

ભારતનો વિકાસ દર તૂટતો નથી, સુધરી રહેલ છે તેવું સિંગાપુર સ્થિત અર્થશાસ્ત્રી લેઈફ ઈસ્કેસેનએ એચ એસ બી સી હોલ્ડીંગ પી એલ સી ખાતે એક અહેવાલમાં જણાવેલ છે. વૈશ્વિક સાનુકૂળતા ખરેખર ચિંતાજનક છે પરંતુ ભારતનું ભરેલું અર્થતંત્ર એશિયન અર્થતંત્ર કરતાં નબળું છે.

ભારતની સેન્ટ્રલબેંકે જણાવેલ છે કે ઘણા સંકેતકો વિકાસદર સુધરી રહેલ છે તેમ દર્શાવી રહેલ છે. ત્યારે હાલના સમયમાં આવનાર થોડા માસ સુધી ફૂગાવાનો દર વધુ રહેશે તેમ જણાય છે , આ વધતો જતો ફૂગાવાનો દર જ મુખ્ય જોખમ છે.

**પેટ્રોલના ભાવ**

દેશની સૌથી મોટી રિફાઈનરી ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન દ્વારા ચાર માસમાં બીજી વાર પેટ્રોલની કિંમતોમાં ભાવ વધારો કરવામાં આવેલ છે જે ફૂગાવાને વેગ આપી શકે. રૂપિયાની કિંમતમાં ઘટાડો થવાને કારણ પડતરથી નીચે બળતણ વેચવાને કારણે નુકશાન વધતું જતું હતું, તેવું ઈન્ડિયન ઓઈલ ફાઈનાન્સ ડાયરેકટર શ્રી પી કે ગોયલે જણાવેલ છે.

પેટ્રોલના આ ભાવ વધારાની પ્રત્યક્ષ અસર ફૂગાવાના ૭ બેઝીક પોઈન્ટ ઉપર થશે આ ઉપરાંત અપ્રત્યક્ષ અસરો પણ હશે.

આ ત્રિમાસીક ગાળામાં ન્યુયોર્કબમાં તેલમાં ૬.૬ ટકાનો ઘટાડો થયેલ છે. મુંબઈમાં શુકવારે ૫.૪૫ કલાકે તે ૦.૩ ટકા તૂટી એક બેરલના ૮૯.૧ યુ એસ ડોલર થયેલ.

આમ ક્રુડના ભાવ ઓછા થવા છતાં રૂપિયાની કિંમત ઘટવાને કારણે તેલ વધુ મોંઘું પડી રહેલ છે જે ફૂગાવા પર દબાણ લાવી રહેલ છે તેવું મુંબઈ સ્થિત ફેડરલ બેંક લી. ના ડેપ્યુટી જનરલ મેનેજર જણાવી રહેલ છે.

**ચીન અને બ્રાઝીલ**

ચાઈનાથી દક્ષિણ કોરિયાના અધિકારીઓએ જણાવેલ છે કે આ રીતે વ્યાજ દર વધવાથી આર્થિક વિકાસ ધીમો પડી શકે છે. બ્રાઝીલમાં વિકાસને સુરક્ષિત રાખવા માટે ૨૦૦૯થી ૩૧ ઓગષ્ટ સુધીમાં પ્રથમ વાર જ સેલિક દરોમાં કપાત કરવાનું પસંદ કરેલ છે.

રશિયાના નીતિના ઘડનારાઓએ કે જેઓ એક જ દરને લક્ષ બનાવતા નથી તેઓએ ૧૪મી સપ્ટેમ્બર માસમાં બજારમાં નાણાકીય પ્રવાહિતા વૃધ્ધી અને વિકાસ માટે ખરીદ લોન પરનો વ્યાજદર ઘટાડેલ છે, પુનઃખરીદ લોન પરનો વ્યાજ દર પણ ઘટાડેલ છે અને ડીપોઝીટના દરમાં વૃધ્ધિ કરેલ છે.

વડાપ્રધાન મનમોહનસીંગે ગત માસે જણાવેલ કે ફૂગાવાને નાથવો તે સરકારની અગ્રીમતા છે. જયારે વિરોધપક્ષોએ ફૂગાવા પરનો અંકુશ ઓછો થવા બદલ તેમની ટીકા કરી હતી જયારે વર્લ્ડ બેંકે જણાવેલ છે કે વસ્તીના બે તૃતીયાંસ જેટલી વસ્તી એક દિવસના ૨ યુ એસ ડોલર (આશરે રૂ. ૯૬) માં ગુજારો કરે છે.

હાલમાં ચાલી રહેલ આર્થિક નીતિ અને તે પર લેતાં આવી રહેલ પગલાં ફરી એક વાર ઝડપણી માંગમાં વધારો કરશે અને ૨૦૧૧-૧૨માં ફૂગાવો હવામાંથી પસાર થતા અસ્ત્રથી વિપરિત થશે તેમ આર બી આઈ એ જણાવેલ છે.

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387